લવાજમ : ૧૦ વર્ષ, રૂ. ૧૦૦૦/- છૂટક નકલ રૂ. ૨૦/-

સદ્‌વિદ્યા

માર્ચ-૨૦૨૫
વર્ષ : ૭૪
અંક : ૩

આફ્રિકા ખંડમાં પ્રથમ ગુરુકુલનો

શિલાન્યાસ વિધિ

આફ્રિકા ખંડમાં યુગાન્ડા દેશના ઝીંઝા શહેર ખાતે વિક્ટોરિયા સરોવર કિનારે શ્રીહરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનની નૂતન શાખાનું પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંતસ્વામીના વરદ્ હસ્તે
ભૂમિપૂજન - શિલાન્યાસ વિધિ સંપન્ન, વસંત પંચમી, તા.૨/૨/૨૦૨૫

૧

૨

૩

૪

યુગાન્ડા દેશના ઝીંઝા શહેરમાં ગુરુકુલ માટે સંપાદિત થયેલ ભૂમિમાં યોજાએલ... ૧. ખાતમૂહુર્ત વિધિ : સ્કૂલ, છાત્રાલય અને સંત આશ્રમ ભવનનું ખાતમૂહુર્ત કરતા પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી સાથે ભૂમિદાતા શ્રી મગનભાઈ ઠુંમર અને સુપુત્ર જયભાઈ આદિ પરિવારજનો **૨. સંતોની પધરામણી :** વિક્ટોરિયા સરોવરના કિનારે આવેલ નૂતન શાખાની ૬૨ એકર ભૂમિમાં નિદર્શન કરતા પૂજ્યપાદ ગુરુમહારાજ, મહંતસ્વામી તથા સંતમંડળ **૩. ભૂમિદાતા સન્માન :** મૂળ ચલાલા(જિ. અમરેલી)ના વતની ઝીંઝા(આફ્રિકા) સ્થિત શ્રી મગનભાઈ ઠુંમર તથા પરિવાર અને ગ્રુપના સભ્યો સાથે પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંતસ્વામી **૪. સંત શિબિર :** શાંતિગ્રામ(અમદાવાદ) ગુરુકુલને આંગણે યોજાએલ ૨૦મી શ્રી ધર્મજીવન આધ્યાત્મિક સંતશિબિર પ્રસંગે સ્વમૂલ્યાંકન કસોટીનું લેખન કરતા વડીલ અને કાર્યકર્તા સંતો તથા પાર્ષદો.

॥ प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥

સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી સંસ્થાપિત
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનનું મુખપત્ર

સદ્‌વિદ્યા

વર્ષ : ૭૪, અંક : ૩, માર્ચ-૨૦૨૫
ફાગણ-ચૈત્ર, સંવત્ ૨૦૮૧

અનુક્રમણિકા

અમૃતવાણી	:	શાસ્ત્રી મુકુંદસ્વરૂપદાસજી સ્વામી	૫
સાધુતા-અસાધુતા	:	સદ્‌ગુરુશ્રી દેવપ્રસાદદાસજી સ્વામી	૬
એવા સંતને નામું હું શીશ	:	સાધુ જયમુનિદાસજી સ્વામી	૮
દર્શનની તાણ	:	સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી	૧૨
સર્જનહાર	:	ડૉ. કેશુભાઈ કગથરા	૧૩
પ્રયાગમાં આસ્થાનો કુંભ	:	ડો. ધીરજલાલ કાકડિયા	૧૪
સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્	:	કવિ શ્રી ત્રિભુવનભાઈ વ્યાસ	૧૬
ચિત્રવાર્તા	:	સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી	૧૮
અમૃતનું આચમન	:	સદ્‌ગુરુશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી	૨૦
સંસ્થા સમાચાર	:	સંકલિત	૨૧

પ્રકાશક	: શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન
આદ્યતંત્રી	: ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસ
તંત્રી	: સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી
સહતંત્રી	: રમણીકભાઈ રૂપારેલિયા
સંપાદક	: પાર્ષદ વશરામ ભગત
સહાયકો	: ગોરધનભાઈ સખિયા તથા મનીષભાઈ ચાંગેલા

સવાજમ દેશમાં

૧૦ વર્ષ : ₹ ૧૦૦૦/-
૫ વર્ષ : ₹ ૫૦૦/-
૧ વર્ષ : ₹ ૧૦૦/-

સવાજમ વિદેશમાં

વાર્ષિક : $ ૨૦/-
પંચ વાર્ષિક : $ ૯૦/-

પ્રકાશન તથા પત્ર વ્યવહાર સંપર્ક

સદ્‌વિદ્યા કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ઢેબર રોડ, રાજકોટ-૨
૯૯૨૫૫ ૦૦૨૫૩ sadvidya@sgrs.org

આસમુદ્રાન્ત સત્કીર્તયે - તંત્રીશ્રી

આજથી સવા બસો વર્ષ પૂર્વે પ્રાંતવાદ, જાતિવાદ અને ધર્મ-અધર્મના વિતંડાવાદ વચ્ચે શ્રીસહજાનંદ સ્વામીની સત્કીર્તિ દરિયાપાર અંગ્રેજ સરકાર સુધી પહોંચેલી. ભગવાન શ્રી સ્વામિનારાયણની આવી નિષ્કલંક ઉદાત્ત કીર્તિ જોઈને ઈષ્ટદેવનું સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ 'ૐ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ' એવું એક સાર્થક નામાભિધાન કર્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંપ્રદાયની આ કીર્તિ અદ્યાપિપર્યંત આશ્રિત સંતો-ભક્તજનો દ્વારા પૃથ્વી પર સમુદ્રપાર પણ ઠેરઠેર પ્રવર્તતી રહી છે.

ખગોળ-ભૂગોળ ક્ષેત્રે થતા રહેતા વૈજ્ઞાનિક સંશોધનોથી આજે અકલ્પનીય સિદ્ધિઓ સુલભ બની છે. દેશ, સમાજ અને વ્યક્તિ એકબીજાના સંપર્કમાં આવતા દુનિયા હવે નાની બનતી જાય છે. આવી વૈશ્વિક સિદ્ધિઓ વચ્ચે માનવ-માનવ વચ્ચેના સંપર્કો વધ્યા છે પણ સંબંધો ઘટતા જાય છે, સહજ લાગણીઓ અને ભાવનાઓ ઓછી થતી જાય છે. તેવા સંજોગોમાં ધર્મથી થતું જીવન ઘડવાનું કામ વધારે મુશ્કેલ બને એ સ્વાભાવિક છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે,

સુરપુર, નરપુર, નાગપુર, એ તીનમે સુખ નાહીં;
કાં સુખ હરિ કે ચરનમેં, કાં સંતનકે માંહી.

સ્વર્ગલોક, મનુષ્યલોક અને પાતાળલોક એ ત્રણ લોકમાં સુખ નથી. છતાં મનુષ્ય જે કાંઈ સુખ અનુભવે છે તે કંઈક અંશે નીતિ ધર્મનું હોય છે. કાયમી સુખ માટે ભગવાનના ચરણકમળ અને ભગવાનના સંત - એ બે ઠેકાણાં બતાવ્યા છે. અમારે તો લહેરા અને જલસા છે એવું કહેનારા પણ અંતે તો હૈયાહોળી જ ઠાલવતા હોય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપની વધતી ઓછી પીડા સહુ કોઈ અનુભવે છે. આજે સુખ બધાને જોઇએ છે પણ બધાને મળતું નથી. કોઈને મળે છે તો પચતું નથી. કોઈક પચાવે છે, તો ઈર્ષ્યાળુ લોકો કે કોઈક આકસ્મિક ઘટનાઓ પચેલા સુખને પણ દુઃખરૂપ બનાવી દે છે. આવું જગતમાં ચાલ્યા જ કરે છે.

આજની આવી પરિસ્થિતિમાં પણ જેમાં વિશ્વકલ્યાણના સર્વજીવહિતાવહ સિદ્ધાંતો સમાયેલા છે

તથા જે વિશ્વધર્મ બનવાની ક્ષમતા ધરાવે છે તેવા સ્વામિનારાયણીય સિદ્ધાંતોના પ્રવર્તનનું કાર્ય સંપ્રદાયના આશ્રિત સંતો-ભક્તજનો દ્વારા દેશ-વિદેશમાં થતું રહ્યું છે. નિમિત્ત તો કોઈપણ હોય; પરંતુ જે તે સંપ્રદાયના સ્થાપક મૂળ પુરુષે જે ઉદ્દેશ્ય સાથે ધર્મ પ્રવર્તનનું કાર્ય કર્યું છે, તેના આધારે જે તે ધર્મનો પ્રચાર અને પ્રસાર થતો હોય છે.

વેદશાસ્ત્ર-પુરાણને આધારે જેનું અવતરણકાર્ય તથા ભગવાનપણું છે અને હતું એવા સર્વ અવતારી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી અને સર્વકારણના કારણ સમજવા એ પણ સહુ કોઈ માટે અધ્યાત્મમાર્ગની એક મોટી સિદ્ધિ છે. આવી ઉચ્ચ સિદ્ધિ અને સાધુતા જેમના જીવનમાં હતી એવા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે દેશવિદેશમાં સત્સંગ વિચરણ અને સત્સંગ ઉત્કર્ષના સેવાકાર્યો કરીને દુનિયાભરમાં ભગવાન સ્વામિનારાયણનું નામ ગૂંજતું કર્યું છે.

ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી પોતાની અનુભવ વાણીમાં કહે છે, 'આજે માણસ સુખી થવા માટે દુઃખી થાય છે. સુખી થવા માટે કેટલુંક મેળવવું જરૂરી છે તે કરતા કેટલુંક છોડવું વધારે જરૂરી છે.' સદ્‌વિદ્યાના આદ્યતંત્રી કવિશ્રી ત્રિભુવનભાઈ વ્યાસે માણસની વ્યાખ્યા કરતાં કહેલું કે, 'સુખને માટે સતત ફાંફાં મારતું પ્રાણી એટલે માણસ.'

કળિયુગના માનવીની આ નાડ પારખીને પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ભગવાન શ્રીહરિની આજ્ઞા 'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્સુકૃતં મહત્' શિરે ચઢાવીને રાજકોટમાં વિદ્યા, સદ્‌વિદ્યા અને બ્રહ્મવિદ્યાના અખાડા સમાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાની સ્થાપના કરીને જીવોને સાચા સુખના ભોક્તા બનાવ્યા છે. પૂજ્ય સ્વામીજીએ સ્થાપેલ આ ગુરુકુલ સંસ્થા અને તેની મોક્ષમૂલક પ્રવૃત્તિઓ સંપ્રદાયમાં આદર્શરૂપ અને સહુકોઈ માટે પ્રેરણાદાયી બની છે. તેમાં શ્રીહરિઆશ્રિત સંતો તથા ભક્તજનો અને અન્ય ભાવિકોનો સેવા-સહયોગ સાંપડતો રહ્યો છે. પૂજ્ય સ્વામીજીના યોગે જીવન ઘડતર પામેલા કેટલાક વિદ્યાર્થીઓએ અમેરિકા આદિ દેશોમાં સ્થાયી થઈને પૂજ્ય સ્વામીજીના વખતથી તથા અત્યારે પણ સંતોની વિદેશયાત્રાઓ યોજીને ભગવાન શ્રીહરિ સ્થાપિત આ સત્સંગનો ભારે પ્રચાર - પ્રસાર કર્યો છે.

ફક્ત વિદ્યા માણસને સુખી કરી શકતી નથી. વિદ્યાથી સુખના સાધનો-સગવડતાઓ મળે છે, પણ સુખ તો સમજણ અને સમાધાનમાં રહ્યું છે, જે સત્સંગમાંથી કે સદ્‌વિદ્યાથી પ્રાપ્ત થાય છે. આ સમજણ અને સમાધાનકારી વૃત્તિને કાયમી ટકાવવા બ્રહ્મવિદ્યાની જરૂર પડે છે. ગુરુકુલમાં સંતોના યોગે વિદ્યા સાથે સદ્‌વિદ્યા અને સદ્‌વિદ્યા સાથે બ્રહ્મવિદ્યાની સહેજે પ્રાપ્તિ થાય છે. ગુરુકુલ શાખાઓમાં સંતોની નિશ્રામાં વિદ્યા, સદ્‌વિદ્યા અને બ્રહ્મવિદ્યાના ત્રિવેણી સંગમમાં સ્નાન, પાન કરીને આજે હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભક્તજનો દેશ-વિદેશમાં સ્થાયી થઈને આ દિવ્ય સત્સંગના પ્રવર્તનનું કાર્ય કરી રહ્યા છે.

ધંધા રોજગારમાં વેલસેટ થયેલા આ વિદ્યાર્થીઓના સુસંસ્કારિત જીવન જોઈને સહુ કોઈ આ શ્રી સ્વામિનારાયણીય ગુરુકુલ શિક્ષણ પ્રણાલીને આવકારે છે અને સત્સંગ પ્રવર્તનના કાર્યમાં યથાશક્તિ સહભાગી બને છે.

સુખ લે તે સંત નહીં પણ સુખ આપે તે સંત. વાણી અને વર્તનની જેમના જીવનમાં એકતા છે એવા ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીની આ વાત આ અંકના મુખપૃષ્ઠ ઉપરથી જણાય આવે છે. પૂજ્ય સ્વામીજીએ ૭૮ વર્ષની ઉંમરે આફ્રિકામાં એક મહિનો વિચરણ કરીને વસંત પંચમીએ યુગાન્ડામાં ગુરુકુલનું ખાતમૂહુર્ત કર્યું. શિક્ષણ અને સંસ્કારના અભાવે પછાત રહેલ આફ્રિકન ગરીબ પ્રજાના આ પ્રદેશમાં ગુરુકુલનું ખાતમૂહુર્ત કરીને પૂજ્ય સ્વામીએ આફ્રિકન લોકોને સુખી કરવાનો શુભ સંકલ્પ કર્યો છે.

પૂર્વે અંધારિયા ખંડ તરીકે ઓળખાતા આ દેશમાં આજે લોકો પોતાના ધંધારોજગાર માટે જાય તે સમજી શકાય; પરંતુ જેઓએ બીજાના સુખને માટે જ જીવન સમર્પણ કર્યું છે તેવા પૂજ્ય ગુરુમહારાજના આદર્શ જીવન અને આદેશથી શિષ્ય સંતો અહીં તન મનની પરવા કર્યા વિના ભગવાનની સેવા માનીને ઉત્સાહથી ગુરુકુલ શાખાનું નિર્માણ કરી રહ્યા છે અને ભગવાન સ્વામિનારાયણની કીર્તિ આસમુદ્રાન્ત કહેતા દરિયાપારના દેશોમાં પ્રસરાવી રહ્યા છે.

અસ્તુ જય સ્વામિનારાયણ !!!

પરમપૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની

અમૃતવાણી

સંકલન : શાસ્ત્રી શ્રી મુકુંદસ્વરૂપદાસજી સ્વામી

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨મું,

સ્વામીએ પૂછ્યું: 'આપણામાં ગુણ કેટલા આવ્યા?' ત્યારે એક સંતે કહ્યું જે 'બહુ સરવાળા બાદબાકી માગી લિયે છે.'

ત્યારે સ્વામીએ કહ્યું, 'બુદ્ધિવાળા હોય એને તો કંઇક દેખાતું હોય ને ! આ ઉપરથી માપ કાઢવું જોઈએ કે આપણે હજી કેટલા નીચે છીએ? એમ જોતા શીખવું જોઈએ.

આ વચનામૃત મનુષ્યમાત્રને ઉપયોગી છે. ગરીબમાં ગરીબ હોય કે તવંગરમાં તવંગર હોય, તે બધા ભગવાનને મેળવી જ શકે પરંતુ એ લાંબે કાળે બધું ભૂલાઈ ગયું.'

રામભક્ત ગોવિંદબાપાએ કહ્યું, 'આ (વચનામૃત) ગમે તે પંથના હોય તે બધાને ઉપયોગી છે.'

ત્યારે સ્વામીએ કહ્યું, 'હા, આ માનવમાત્રને માટે ઉપયોગી છે, પણ સાચા ભાવમાં તપાસ કરે એને દેખાય.'

સ્વામીએ આગળ કહ્યું, 'બધાએ એમ માની લીધું છે કે તિલક ચાંદલો કર્યો, ધર્માદો દીધો એટલે એમાં અક્ષરધામ મળી ગયું, પરંતુ (આમાં કહ્યા એવા) કલ્યાણકારી ગુણ આવે ત્યારે ભગવાન (તેડવા) આવે છે એવી કોને ખબર છે! અને (આ વાત) કહેનારો પણ કોઈ નથી. ગુરુઓ કોઈ આવું સમજાવે છે? તે તો સમજાવે કે 'સેવા કરો.' અને તે સેવા પણ પૈસાની.' સ્વામી મર્મમાં કહે, 'તમે સેવા કરો (એટલે) તમને અક્ષરધામ મળે અને અમારું કામ થઇ જાય! એમાં બેયનું કામ થઇ જાય હો.' એમ કહીને ગોવિંદબાપાને પૂછ્યું, 'આ ભગવાન સાચું બોલતા હશેને? ત્યારે તેમણે કહ્યું, 'ભગવાનને પોતાને સુખે સુખિયા કરવા છે માટે સાચી લાઈન બતાવે છે.'

સ્વામીએ કહ્યું, 'તે કલ્યાણકારી ગુણ આપણામાં આવવાનું કારણ શું? તો પહેલો તો આવો નિશ્ચય! એ નિશ્ચય થાય એટલે ભગવાન એનામાં આવે છે અને ભગવાન આવ્યા એટલે એના કલ્યાણકારી ગુણ પણ આવે. ભગવાન આપણામાં બેઠા છે એટલે એ ગુણ આપણા થઇ જાય છે અને ગુણ આવે ત્યારે એ ગુણ પ્રમાણે તેનું જીવન બની જાય. હવે આપણે સમજવું જોઈએ કે જો (ભગવાનના) એ ગુણ પ્રમાણે આપણું જીવન બન્યું હોય તો (આપણામાં) ભગવાનનો ગુણ આવ્યો એ બરાબર, પણ એ પ્રમાણે જીવન ન હોય તો જીવન એવું બન્યું નથી એ નક્કી.' આટલી વાત કરીને કહ્યું જે વાંચો આગળ.

દેવપ્રસાદ સ્વામી વચનામૃત વાંચવા લાગ્યા, 'જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને જે ચાહે તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે...'

સ્વામી કહે, 'લ્યો, આ કેટલી મોટી વાત છે!'

વચનામૃત વાચનઃ પછી નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''નિશ્ચય હોય તોય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ને ઈર્ષ્યા તો દિવસે દિવસે વધતા જાય છે, તેનું શું કારણ હશે?''

સ્વામીએ તે ઉપર વાત કરી જે 'હવે તપાસ કરો ત્યાગીમાં શું હોય? તો (માન અને ઈર્ષ્યા) એ બે જ હોય. તે માન આવી જાય અથવા કોઇક કંઇક સારું કરતો હોય તો (તેની ઉપર) ઈર્ષ્યા આવે. આ બે આપણા ત્યાગીઓ માટે જ છે. તે આપણે તપાસ કરવો જોઈએ કે આપણે 'શિંગડિયા વછનાગ' માં છીએ કે દૂધપાકમાં? આપણે (ત્યાગીઓ) ભગવાનના થાળમાં તો આવ્યા પણ જો આપણા ગુણો બદલ્યા નહિ તો આ કહ્યું તેવું થાય. અહીં આવ્યા પછી જો સ્વભાવ ગયા નહિ તો એને આસુરી જ કહ્યો છે. તે પાપી નહીં, તે આસુરી. આસુરી જીવને પાધરું પડે જ નહિ. માન ને ઈર્ષ્યા બે આગળ વધતા જાય અને કલ્યાણનો માર્ગ પાછળ રહી જાય. આ વાત સૌ માલીપા (હૃદયમાં) મેળવજો.

આપણી નાત (ત્યાગીઓ) આ હરિભક્તોને મૂરખ કહે. કેમ કે જયારે ઉપદેશ દેવા બેસે ત્યારે તે (હરિભક્તને) કહે જે વલ્લભભાઈ, આમ હોવું જોઈએ અને તેમ હોવું જોઈએ.. તેમ કહે તે 'પોતે બધું જાણે છે અને ગૃહસ્થ મૂરખ છે' એમ માનીને કહે છે. તે દરેક ત્યાગી વિચારજો ખરેખર આપણને લાગુ પડે એમ છે.' **(ક્રમશઃ)**

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોનું વિવેચન

સાધુતા - અસાધુતા

સદ્‌ગુરુ શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી

ત્રીસ લક્ષણે યુક્ત સાધુ રૂપ ભગવાન જાણવા, ને ઓગણચાલીસ લક્ષણે યુક્ત રાજા રૂપ ભગવાન જાણવા, બાકી ઐશ્વર્યપણે કરીને ભગવાનપણું નથી. આ વાત પણ અવશ્ય સમજવાની છે. (પ્રકરણ ૧/૧૪૮)

વિવેચનઃ અહીં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે સાધુઓના અને ભગવાનના શાસ્ત્રોમાં કહેલા લક્ષણોથી તેઓમાં સાધુપણું કે ભગવાનપણું ગણાય છે; પરંતુ ઐશ્વર્યે કરીને સાધુ કે ભગવાન માનવા તે યોગ્ય નથી. કોઈ વ્યક્તિમાં ઐશ્વર્ય હોય જેમ કે સંકલ્પસિદ્ધિ, વચનસિદ્ધિ વગેરે અથવા પરચા આપી શકતા હોય! તેમણે કરીને તેમને સાધુલક્ષણે યુક્ત સંત માની લેવા કે ભગવાન માની લેવા તે યોગ્ય નથી, સાચું નથી. અર્થાત્ ઐશ્વર્યાદિકની હાજરી તે વ્યક્તિને સાધુ સિદ્ધ કરી આપનાર કે ભગવાનપણાને સિદ્ધ કરી આપનારા ચિહ્નો નથી હોતા. ઐશ્વર્ય કે પરચા તો ભૂતમાં પણ હોય શકે છે, મંત્રતંત્રની વિદ્યાવાળા પણ બતાવી શકે છે, તો શું તેઓને સાધુપુરુષો કે ભગવાન માનીશું? વિદ્યા કે મીઠી વાણી તો ક્યારેક ખળ પુરુષોમાં પણ હોય છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે

'વેશ ઉપદેશ ને વાર્તા કરે સાચા સંતના સરખી;

પણ ભરી ભૂંડાઇ ભીતરે તે તો કોણ્યે પણ ન પરખી.'

સાધુપણાનો સુંદર વેશ બનાવી લેવો, માણસોને અતિ ઉપયોગી એવો ઉપદેશ આપી દેવો, મીઠી મીઠી વાતો કહેવી તેમાં નાટકિયતા કે કૃત્રિમતા ચાલી શકે છે, જે ખળપુરુષોમાં પણ હોય શકે છે. ખળપુરુષો તે વિષયમાં ઘણા હોશિયાર હોય છે અને તેના માટે સમાજ પાસેથી રોટલા મેળવવા તે અતિ જરૂરી બની રહે છે. ઐશ્વર્ય અને પરચાઓ સમર્થ સંતપુરુષોમાં પણ હોય છે અને પરમાત્મામાં તો તે વસ્તુના ઢગલા હોય છે, તોપણ તેનાથી તેઓ સંત કે ભગવાન બની જતા નથી. પ્રેતાત્મા, ભૂત, મલીન વિદ્યા જાણનાર કે ક્યારેક અસુરોમાં પણ ઐશ્વર્ય હોય છે તો શું તેઓને સંત કે ભગવાન ગણવા! અલબત્ત સત્ય, શૌચ, દયા, કૃપાળુ, અકૃતદ્રોહપણું, ક્ષમાશીલતા વગેરે શાસ્ત્રમાં બતાવ્યા છે તે ગુણો નથી હોતા.

ઐશ્વર્ય-પરચા તો મલીન સાધના હોય ત્યાં પણ રહે ખરા પણ ત્યાં સત્ય, શૌચાદિ કેમ રહી શકે? માટે ક્યારેક સંતનો વેશ જોઇને વળી ઉપર થોડું ઐશ્વર્ય-પરચા જોઇને મુમુક્ષુને ઘણી ભ્રમણા(કન્ફ્યુઝન) ઊભી થાય છે કે આવા સમર્થ (ઐશ્વર્ય-પરચા આપવામાં) હોય તેને અસાધુ કેમ કહેવાય? તે તો સાધુ જ હોય ને! અથવા આને સાચા સંત માનવા કે પેલાને! સાચા સંત તથા ભગવાન કરતાં પણ અસાધુ એક કદમ આગળ વધીને પોતાના ઐશ્વર્ય સામર્થી બતાવતા હોય છે, નાટકિય ઢબે વ્યવસ્થિત રીતે સાધુપણું કે ભગવાનપણું પ્રદર્શિત કરતા હોય છે! પણ તે વ્યક્તિઓ શાસ્ત્રમાં બતાવેલી અંતરની પવિત્રતા કે અકારણ ઉપકાર કે કરુણા ભાવના ન રાખી શકે, અકૃતદ્રોહ ન રહી શકે. પોતાનો અપરાધ કરનારાને પણ ક્ષમા ન બક્ષી શકે. તેમને કોઈ જાતની મજબૂરી જ શાંત બેસાડી શકે.

સુભાષિતમાં સાધુ-અસાધુ વચ્ચેનો સરસ મર્મ બતાવ્યો છે કે અમુક વસ્તુની સમાનતા દેખવા છતાંય સાધુ કોને કહેવાય? અને અસાધુ કોને કહેવાય? સાધુતાની ઓળખાણ શું? અને અસાધુતાની ઓળખાણ શું?

વિદ્યા વિવાદાય ધનં મદાય શક્તિઃ પરેષાં પરિપીડનાય ।

ખલસ્ય સાધોર્વિપરિતમેતત્ જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય ।।

વિદ્યા, ધન, શક્તિ (ઐશ્વર્ય, તપ, સત્તા, વાણી કે માલ મિલ્કત) વગેરે પ્રશસ્ત કાર્યસાધક પાસાઓ કે ગુણો ભગવાન પાસે, સાધુ પુરુષો પાસે અર્થાત્ સાચા સાધક પુરુષો પાસે હોય છે અને તેટલી જ ક્યારેક તો નાટકીય ઢબથી તેના કરતાં પણ વધારે પ્રશસ્ત દશામાં ખળપુરુષો અને અસુર જનોમાં પણ હોય છે. અધ્યાત્મને નામે શ્રદ્ધાળુને છેતરનારા દંભી પુરુષો પણ કૃત્રિમપણે બતાવી શકતા હોય છે. આ બધી બાબતો હોવી તે દિવ્ય કે દુન્યવી નથી કહી શકાતી તેનો ઉપયોગ ધારક કેવો ઇરાદો પૂરો કરવા માટે કરે છે તેના ઉપરથી તે સાધુ પુરૂષ કે ખળપુરુષ સાબિત થાય છે. તેના ઉપરથી તેનું ભગવાનપણું કે અસુરપણું સાબિત થાય છે.

હિરણ્યકશિપુમાં ભગવાન જેવા ઐશ્વર્યો દેખાતા હતા. તે અંર્તયામી શક્તિ ધરાવતો હતો, યજ્ઞનો ભાગ ગ્રહણ કરતો હતો, દેવતાઓ ભયભીત થઇને તેની સ્તુતિ કરતા હતા. છતાં તે ભગવાન જેવો ન થઇ શક્યો કારણ કે તે બધી વસ્તુઓનો ઉપયોગ પોતાનો કોઈ સારો ઈરાદો પૂરો કરવા તેણે ક્યારેય કર્યો નથી. પોતાનો સ્વાર્થ સાધવા, અહંકાર વધારવા કે પ્રહ્લાદ જેવા પરમાત્માના કોઈ અનન્ય ભક્ત આરાધકને હેરાન કરવામાં જ કર્યો છે. તેથી તે 'અસુરરાજ' કહેવાયો. સામગ્રી તો જે ભગવાન પાસે હોય તેવી ને તેવી ઘણીખરી તેની પાસે હતી. છતાં તેનો ઉપયોગ કોઇ ભગવાન સંબંધી મિશન પૂરું કરવા કે ભગવાનના ભક્તને મદદ કરવા કે અધ્યાત્મને - પરમાત્માને પામવાને માર્ગે ચાલવામાં લેશ પણ ઉપયોગ થયો નથી.

રાવણ પાસે દુનિયાની સંપત્તિ હતી, સોનાની લંકા હતી, કુબેર પાસેથી પડાવી લીધી હતી. છતાં તેણે કોઇ પવિત્ર બ્રાહ્મણના હાથમાં ક્યારેય એક પણ રૂપિયો પકડાવ્યો હોય તેવું આખી રામાયણમાં ક્યાંય લખ્યું નથી. ઉલટું પડાવી લેવાનું લખ્યું છે. કોઇપણ પવિત્રકાર્યમાં તેનો ઉપયોગ હરગીઝ થયો નથી. જ્યારે ભગવાન અથવા સાચા સંતપુરુષો પોતાની સર્વસ્વ વિશિષ્ટતાઓનો ઉપયોગ ધર્મની રક્ષા, સાધુપુરુષોની રક્ષા, કલ્યાણૈકતાન કાર્યો અને ચરિત્રો વિસ્તારવામાં જ કર્યો છે, કરે છે. ભગવાન અને સાચા સંતપુરુષો પોતાની વિશિષ્ટતાઓનો ઉપયોગ લેશમાત્ર પણ કોઇ પ્રકારના નિમ્નકક્ષાના પોતાના સ્વાર્થને પોષવા કે પૂરો કરવા કરતા જ નથી એવું કરીને પોતાની શક્તિને હરગીઝ દૂષિત થવા દેતા નથી. સદ્. ગોપાળાનંદ સ્વામી પાસે ભગવાન જેવું ઐશ્વર્ય, ગુણો હતા; પણ તેનો ઉપયોગ કોઇ જીવને ભગવાનમાં જોડવામાં, તેનું ભલું કરવામાં, ભગવાનનું અવતારકાર્ય પાર પાડવામાં કે કોઇ સાચા ભક્તની રક્ષા કરવામાં જ કર્યો હતો. એજ એમનું સંતપણું છે. તેમનામાં કેટલું ઐશ્વર્ય હતું એ સંતપણામાં ન ખપી શકે.

સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી આદિ સંતો સરસ્વતીના અંતને પામેલા હતા, મધુર વાણીની ખાણ્ય હતા. તેણે તેનો ઉપયોગ પેટ ભરવા કે પોતાના વ્યક્તિત્વને સમાજમાં ઉપસાવવા કે પોતાનો વ્યક્તિગત ક્ષુલ્લક સ્વાર્થ-ઈરાદો પૂરો કરવા સ્વપ્નમાં પણ ક્યારેય કર્યો નથી; તેથી તેઓ સાધુતાની પારાકાષ્ઠાને પામ્યા છે. તેનાથી પણ વિશેષતાઓ ધરાવતા ખળપુરુષો ત્યારે અને અત્યારે પણ ઘણા હોય શકે છે; પણ તેઓ તેની વિશેષતાઓનો કે માલ મિલકતનો ઉપયોગ એવા સારા કામમાં સ્વપ્નમાં પણ ક્યારેય કરતા નથી.

સુભાષિતમાં બતાવ્યું કે વિદ્યા, ધન અને શક્તિ સાધુપુરુષોમાં પણ હોય છે પણ તે બધું હોવા માત્રથી કોઇ સાધુપુરુષ સાબિત થઇ જતા નથી કે ખળ-અસાધુ પણ સાબિત થઇ જતા નથી પરંતુ તે લોકો તેનો ઉપયોગ કેવા પ્રકારના હેતુઓ - ઈરાદાઓ પાર પાડવામાં-પૂરા કરવામાં કરે છે તેના ઉપર નિર્ભર રહે છે. તેણે તેના સમગ્ર જીવન દરમ્યાન ક્યાં પ્રકારના ઉમદા હેતુ-કાર્યો કર્યા છે, અંતે માલ, મિલકત, સત્તાનો કયાં ઉપયોગ કર્યો છે તેજ તેને અસાધુ, ખળ કે અસુર, સ્વાર્થી, લુચ્ચા-લંપટ કે સિદ્ધ સાબિત કરી દેતા હોય છે. કાર્યો જ તેની સાચી ઓળખાણ ગણાય છે; પરંતુ સામાન્ય મુમુક્ષુને તેનું ભાન હોતું નથી. તે તો માત્ર વિશેષતાઓ જોઇને ઘેલા અને ભૂરાયા થાય છે; પરંતુ તેનો ઉપયોગ ક્યાં થાય છે તેવું તપાસવાનો વિવેક ભૂલી જાય છે તેથી ભૂલા પડી જવાય છે. જ્યારે ભાન થાય ત્યારે સમય ઘણો ચાલ્યો ગયો હોય છે માટે સ્વામી કહે છે કે આ વાત પણ અવશ્ય સમજવાની છે. ●

સદ્વિદ્યા માસિક અંગેની વિગત

ન્યુઝ પેપર્સ રજીસ્ટ્રેશન રૂલ ૧૯૫૬ અન્વયે
જાહેરનામું ફોર્મ નં. ૪ રૂલ નં. ૮

પ્રકાશન સ્થળ : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ-૨
પ્રકાશન સમય : દર માસની બીજી તારીખે
પ્રકાશકનું નામ : સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ-૨
તંત્રીનું નામ : સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી
રાષ્ટ્રીયતા : ભારતીય
સહતંત્રીનું નામ : શ્રી રમણીકભાઈ શામજીભાઈ રૂપારેલિયા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રીલિજીયસ પેપર, રાજકોટ-૨

માસિકના માલિકઃ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ-૨

હું સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

સહીઃ સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી

એવા સંતને નામું હું શીષ

લેખાંક ૨

સાધુ જયમુનિદાસજી સ્વામી

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિના બીજા પ્રકરણમાં સેવવા યોગ્ય સાચા સંતના અનેક ગુણો કહ્યા છે. એ ગુણોને આધારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના જીવન પ્રસંગો દ્વારા વ્યક્ત થતા ગુણો ઓળખીને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરીએ.

એવા સંત સદા શુભમતિ, જક્ત દોષ નહિ જેમાં રતિ;
સૌને આપે હિત ઉપદેશ, એવા સંતને નામું હું શીશ.

તારીખ ૬ જૂન ૧૯૪૭, જેઠ વદી ત્રીજની સાંજે છપૈયા સ્વામિનારાયણ મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ સન્મુખ ઊભેલા ગુરુદેવના મનમાં અનેક પ્રશ્નો હતા – હું ભૂલતો નથી ને? આ કાર્ય શ્રીજી મહારાજના સિદ્ધાંત અનુસાર તો છે ને?

જાણે મહારાજે જ મનમાંથી જવાબ આપ્યો હોય એમ વિચાર આવ્યો કે, હા, શ્રીજી મહારાજે જ તો શિક્ષાપત્રીમાં કહ્યું છે – પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્સુકૃતં મહત્.

બીજો પ્રશ્ન થયો – પરંતુ, આ કાર્ય શા માટે? તરત વિચાર આવ્યો, આ ભારત દેશ આઝાદ તો થશે, પણ એને સારા, સંસ્કારી અને મૂલ્યવાન જીવનવાળા નાગરિકોની જરૂર તો પડશે ને!

હજી પ્રશ્ન પૂરા નહોતા થયા – આ કાર્ય દ્વારા શ્રીજી મહારાજ રાજી થશે કે નહીં એ કેમ ખબર પડે? આ કાર્ય કરવામાં મારો કોઈ છૂપો સ્વાર્થ તો નથી ને?

ગુરુદેવ થોડીવાર વિચારશૂન્ય થઈ ગયા. ઘનશ્યામ મહારાજ સામે બે હાથ જોડ્યા, હે મહારાજ! તમે જ કહ્યું છે કે મનનો વિશ્વાસ ન કરવો. તેથી હે પ્રભુ! મને સૂઝતું નથી કે આ કાર્ય કરવામાં મારા હૃદયનો કોઈ સ્વાર્થ છે કે નહીં? આવો વિચાર આવતા જ ગુરુદેવની બંને આંખોમાં ઘનશ્યામ મહારાજના દર્શન ઝાંખા થયા. બસ, હજી એક વિચાર અને આંસુની ધારા છૂટવાની હતી.

ગુરુદેવ વિચાર કરી રહ્યા – મહારાજે પ્રથમ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં કહ્યું છે, જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે અંતઃકરણને હું પકડું છું અને બીજાને તો એ અંતઃકરણ દેખ્યામાં પણ આવતાં નથી અને ગુરુદેવના હૃદયમાંથી પ્રાર્થના સરી પડી, હે મહારાજ! આ કાર્યમાં મારો કોઈપણ પ્રકારનો સ્વાર્થ ન હોય તો જ આ કાર્યને આગળ વધવા દેજો. રસ્તો તમે સૂઝાડજો. હું ભૂલતો હોઉં તો મને પાછો વાળજો.

એ પુનિત પળથી પ્રારંભ થયેલા અને આજ સુધી દેશ અને દુનિયામાં વિસ્તરી રહેલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા ગુરુદેવના શુદ્ધ આશયની સાક્ષી શ્રીજી

મહારાજ પોતે જ પૂરે છે, જેમ આકાશમાં રહેલો સૂર્ય પોતાના અસ્તિત્વની પૂરે છે તેટલી સ્પષ્ટ.

આત્મચિંતન અને ભજન કરી જીવનમાં જે દોષો હોય, મોક્ષમાં અવરોધક અવગુણો હોય, સત્સંગમાં બાધક સ્વભાવો હોય તે મૂકી જીવનમાં સુધારણા કરી, શ્રીજી આજ્ઞા પ્રમાણે જીવન જીવવાનું બળ મેળવવા અને સત્સંગની ઉજ્જ્વળતા વધારવા, સર્વત્ર પવિત્ર વાતાવરણ પ્રસારવા વગેરે અનેક શુભ આશયોથી ગુરુદેવ અનેક આયોજનો કરતાં.

ઈ.સ. ૧૯૪૫માં ગુરુદેવે જૂનાગઢ મંદિરમાં ૨૧ દિવસનો અભૂતપૂર્વ યજ્ઞ મહોત્સવ કર્યો. એ સમયે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. વિશ્વયુદ્ધ બંધ થાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય એવા શુભ આશયથી એ યજ્ઞ થયેલો. તારીખ ૭-૩-૧૯૪૫ના રોજ યજ્ઞની પૂર્ણાહૂતિ થઈ.

સ્વામીના શુભ આશયની તાકાત તો જુઓ... યજ્ઞની પૂર્ણાહુતિના એ જ દિવસે યુએસ ફર્સ્ટ આર્મીએ જર્મનીમાં રેમાગેન (Remagen) ખાતે લુડેન્ડોર્ફ (Ludendorff) બ્રીજ કબજે કર્યો. મિત્ર રાષ્ટ્રો (અમેરિકા અને અન્ય દેશો) માટે આ એક મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક જીત હતી, કારણ કે તેનાથી તેઓ રેઈન (Rhine) નદીને પાર કરી જર્મનીમાં આગળ વધી શક્યા હતા.

યુએસ ફર્સ્ટ આર્મીએ હજારો સૈનિકોને પુલ પર મોકલ્યા અને રેઈન નદીની પૂર્વ બાજુએ મજબૂત પગ જમાવ્યો. તેના પર શત્રુઓનો કબજો થયો તેથી હિટલરનું મનોબળ ભાંગી ગયુ. ઓપરેશન પ્લન્ડર (Plunder) નામથી ઓળખવામાં આવતા આ હુમલા પછી જર્મનીના વળતા પાણી થયા. વિશ્વયુદ્ધમાં જર્મની હાર્યું અને વિશ્વયુદ્ધ પૂર્ણ થયું.

ગુરુદેવનો આશય જેમ સો ટચના સોના જેવો શુદ્ધ હતો તેમ આખી દુનિયાનું કલ્યાણ કરી શકે તેવો શુભ પણ હતો. દીર્ઘદ્રષ્ટાપણું તો એમનું જ! અજોડ! અકલ્પનીય!

'મુંબઈ સમાચાર' સાપ્તાહિકના સહતંત્રી હરિહર ઓ. ત્રિવેદી રાજકોટ ગુરુકુલના રજત જયંતી પર્વ પ્રસંગે લખે છે :

આજે સમાજ પ્રત્યે દૃષ્ટિ નાખતા જ અધઃપતન, અનાચાર, સ્વાર્થાંધતા, ભાવશૂન્યતા વગેરે અડ્ડો જમાવી બેઠેલાં નજરે પડે છે! ને મન પોકારી ઊઠે છે - શું આનો કોઈ ઉપાય નથી ? સમાજની રગરગમાં વ્યાપી ગયેલા આ મહારોગના જીવાણુઓનો નાશ કરવા કોઈ દવાની શોધ થઈ નથી? સ્વસ્થ, ધર્મપ્રિય, ચારિત્ર્યપૂર્ણ, કર્તવ્યનિષ્ઠ સમાજ નિર્માણ કરવાનો કોઈ અકસીર ઇલાજ નથી ? અશાંતિની આ ભૂતાવળને શાંત કેમ પાડવી ?

આ વિચારો વર્ષોથી મારા હૈયામાં રમ્યા કરતા અને એના નિવારણ માટે કેટલાય સંતો, સાધુઓ, પંડિતો, વિદ્વાનો વગેરેને મળ્યો, પરંતુ મનનું સમાધાન ન જ થયું. જ્યાં આભ ફાટ્યું હોય ત્યાં થીંગડું ક્યાં દેવાય ? જ્યારે સમાજનાં સર્વ ક્ષેત્રમાંથી સડાની બદબૂ આવતી હોય ત્યાં સુધારો ક્યાંથી શરૂ કરવો ?

મારા મનના ઊંડાણમાં આ ઘેરી વાત મને સતાવ્યા કરતી, પરંતુ એક શુભ પળે મુંબઈના હરિભક્ત શ્રી રામુભાઈ ઠક્કરનો પરિચય થયો. તેમણે રાજકોટમાં ચાલતી આદર્શ સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં મુંબઈના પત્રકારોને લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો.

એ પ્રસ્તાવ સહર્ષ મેં વધાવી લીધો અને મુંબઈના પત્રકારો સાથે રાજકોટ જવા અમે પ્લેનમાં ઊપડ્યા ને ગુરુકુલની પવિત્ર ધરતી પર પગ મૂકતા જ એક પ્રકારની માનસિક શાંતિની મને અનુભૂતિ થઈ. તેમાંય સંસ્થાના સ્થાપક પરમપૂજ્ય શાસ્ત્રી ધર્મજીવનદાસજીનાં દર્શન કરતાં જ મારા હૃદયનાં દ્વાર ખૂલી ગયાં. વર્ષોથી મારા મનમાં જે પ્રશ્ન ઘોળાતો હતો તેનો આપોઆપ જવાબ મળી ગયો !

આવી હતી શાસ્ત્રીજી મહારાજની શુદ્ધ અને શુભ મતિ. સંસ્કૃત સાહિત્યમાં કહેવાયું છે - **મતિરાગામિગોચરા** (મતિ દ્વારા ભવિષ્ય જણાય છે.) ત્યારે ગુરુદેવનું દીર્ઘદૃષ્ટાપણું આજે કેટલાય જીવોના કલ્યાણનું કારણ બન્યું છે. વળી, અધ્યાત્મ માર્ગે શુભ આશય હોવો એ સૌથી વધુ જરૂરી છે. બીજા અનેક ગુણો, લાયકાતો, કળાકૌશલ્ય અને આધ્યાત્મિક ગુણો હોય પણ શુભ અને શુદ્ધ આશય ન હોય તો બીજા દરેક ગુણ દુર્ગુણ બની જાય છે. તેથી જ નિષ્કુળાનંદ સ્વામીએ પહેલી જ કડીમાં સૌ પ્રથમ આ ગુણને વર્ણવ્યો છે અને લખ્યું છે,

એવા સંત સદા શુભ મતિ, જક્તદોષ નહીં જેમાં રતિ.

જગતનો મુખ્ય દોષ છે અન્યશેષત્વ. અન્યશેષત્વ એટલે ભગવાન સિવાય અન્યના દાસ થવું. આ જીવ ભગવાનનો જ દાસ છે. સાચો સેવક હોય તે પોતાના સ્વામીની મરજી પ્રમાણે જ કાર્ય કરે અને પોતાના માલિકની આબરૂ વધે એવી રીતે. વળી, એ કાર્ય પણ પોતાના સ્વામીની ઈચ્છા હોય તેમ જ કરે. એ કાર્યમાં પોતાને કંઈક જરૂરિયાત હોય તે પણ પોતાના માલિક પાસે જ માગે. બીજા પાસે તો નહીં જ! ગુરુદેવે પણ બીજા કોઈની આગળ હાથ ન લંબાવીને માત્ર ભગવાન આગળ જ હાથ લંબાવ્યા એ અયાચકવ્રત તેમના

ભગવત્શેષત્વની સાક્ષી પૂરે છે કે તેઓ ભગવાનના અનન્ય દાસ થઈને જીવન જીવ્યા.

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં ગુરુદેવે ગુરુકુલના પાયા નાખવાનો સંકલ્પ કર્યો ત્યારે પહેલી અડચણ હતી પૈસા ક્યાંથી લાવવા? ગુરુદેવ અને ત્રિભુવનભાઈ વ્યાસ આ બંને સાધુ - બ્રાહ્મણની જોડી. કોઈની પાસે ધનની જોગવાઈના નામે કંઈ જ નહિ; પરંતુ જક્તદોષથી રહિત જીવન અને ભગવાનનો અચળ આશરો હતો એટલે ધન આપનારા સામેથી આવ્યા. સ્વામી કહેતા, 'અમારી બંનેની ઝોળી તો ખાલી હતી તો પણ અમારે કોઈની પાસે માગવા નથી જવું પડ્યું. ઘીવાળા જાદવજી શેઠ કે ગાંધીબંધુઓ જેમની પાસે આ સારા કામની વાત પહોંચી તેઓએ અમારા ધાર્યા કરતા સવાયા પૈસા આપ્યા.'

અમદાવાદ ગુરુકુલમાં પ્રાર્થનાહોલનું બાંધકામ ચાલતું હતું. તેમાં એક સમય એવો આવ્યો કે નાણાંની તંગી ઊભી થઈ. ત્યારે ગુરુદેવે બાલકૃષ્ણ સ્વામીને બોલાવ્યા અને કહ્યું, 'બાલ સ્વામી, બાંધકામ ઊભું રાખવું પડશે, આપણી પાસે નાણાં નથી.' ત્યારબાદ જ્યાં સુધી નાણાંની જોગવાઈ ન થઈ ત્યાં સુધી બાંધકામ આગળ ન ધપ્યું. જ્યારે મહારાજે આર્થિક સગવડતા કરી આપી ત્યારે આગળનું કામ શરૂ થયું.

એવી જ રીતે જ્યારે જૂનાગઢ ગુરુકુલમાં શાળા બંધાવવાની શરૂઆત કરી ત્યારે નાણાંની તજવીજ ન થઈ શકવાને કારણે નદીમાંથી પથ્થર લાવી લાવીને પાયા પૂર્યા અને રસ્તા ઉપરનો એક પ્લોટ પેટ્રોલ પંપને ભાડે આપી તેમાંથી મળેલ મૂડીથી શાળાનું બાંધકામ આગળ વધાર્યું. સમાજ અને સત્સંગના હિત માટે કરી રહેલા કાર્યો માટે પણ ગુરુદેવે કોઈની આગળ હાથ ફેલાવ્યા ન હતા. એવા અયાચકવ્રતધારી હતા ગુરુદેવ!

તેઓ ઘણીવાર ભરસભામાં કહેતા, 'પૂર્વાશ્રમમાં જ્યાં હતો ત્યાં કોઈની પાસે માગવાનો ધર્મ નહોતો અને હવે તો સ્વામિનારાયણ જેવા સમર્થ ધણીની ચૂંદડી ઓઢી છે અને જો હું કોઈની આગળ માગતો ફરું તો તો એ ધણીનું નામ લાજે ને ? એ તો લક્ષ્મીના પતિ છે. હું તો એ નારાયણનો યાચક છું પણ કોઈ માનવનો નહીં. હું તો એ નારાયણના ભરોસે જનહિતના બને એટલા સત્કાર્યો કરતો રહું છું, નાણાંની વ્યવસ્થા નારાયણ કરે છે.'

સ્વામીના ઉદાત્ત જીવન અને અયાચકવ્રતથી પ્રેરિત થઈને ઉદાર અને વિશ્વાસુ ભક્તો વણમાગ્યા નાણાં આપતા. એટલે તો સ્વામી કહેતા, પ્રભુની મારા પર કેવી અસાધારણ કૃપા છે. એમણે નરસિંહ મહેતાની હુંડી તો એકવાર સ્વીકારી, જ્યારે મારી હૂંડીઓ સ્વીકારવાનું તો એમણે ચાલુ જ રાખ્યું છે! નહીં તો આવા નજીવા લવાજમમાં આવી મોંઘવારીમાં પૂરું કેમ થાય?

ગુરુદેવને અમુક ધનિક દાતાઓ તરફથી દરખાસ્ત આવેલી કે, મુખ્ય ઈમારત ઉપર અમારું નામ રાખો તો આખા બિલ્ડીંગનો ખર્ચ અમે આપી દઈએ; પરંતુ આ પ્રલોભનો સામે ગુરુદેવ ભારે મક્કમ રહ્યા હતા. દાનના લોભે સ્વામીએ એવી કોઈ માગણી સ્વીકારી નહિ. કારણ કે ગુરુદેવના અંતરનો અભિપ્રાય એવો હતો કે જેને માટે મેં આ ભેખ લીધો છે, જેની પ્રસન્નતા પામવા આ નિષ્કામ સેવા શરૂ કરવાની છે, જેના સર્વજીવહિતાવહ સંદેશા પ્રસરાવવા છે એ ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનું જ નામ આ સંસ્થા સાથે સંકળાયેલું રહેવું જોઈએ, બીજા કોઈનું નહીં. હરિ હશે તો બીજું બધું એની મેળે આવ્યા કરશે. એમને મન આ ગુરુકુલ એ સાધ્ય નહોતું, પણ એક સાધન હતું. સાધ્ય તો હતું - સત્સંગ સેવા કરીને પ્રભુપ્રસન્નતા પ્રાપ્ત કરવી, સત્સંગના અભ્યુદયમાં અપૂર્વ યોગદાન આપવું.

આમ, ગુરુદેવ જગતના દોષોથી રહિત હતા. (અન્ય લોભ મોહાદિક જગતના દોષોથી ગુરુદેવ નિર્લેપ હતા તેની વાતો આગળની કડીઓમાં આપણે જોઈશું.)

સૌને આપે હિત ઉપદેશ

'ડાચા એટલા સાચા! આપણે બોલીએ તો જ શ્રીજી મહારાજ આપણા ઉપર રાજી થાય, કેસેટ બોલે એમાં કેના ઉપર રાજી થાય? કેસેટ તો જડ છે, એ તમારું કલ્યાણ કરશે? ભલે કેસેટો કરો; પણ પછી કંઠે કોણ કરશે એ વિચાર્યું છે? જૂના સાધુના વારસાનું શું? એ તો કોઈ વિચારતું જ નથી..! નંદસંતોનો અસલ વારસો જાળવીએ તો શ્રીજી મહારાજ અને નંદસંતો રાજી થશે. નંદસંતોના જૂના ઢાળને જાળવી રાખજો. લોઢા બોલે અને મોઢા બંધ થઈ જાય, તો મહારાજ રાજી કેમ થાય?' ૪ માર્ચ, ૧૯૮૨ના દિવસે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ

સ્વામીના જીવન-કવનની કેસેટનું પ્રકાશન ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના હસ્તે સંપ્રદાયમાં સૌ પ્રથમવાર થવાનું હતું. સંતો ગુરુદેવને સભામાં બોલાવી લાવ્યા અને ગુરુદેવે આશીર્વાદ પ્રવચનમાં ઉપરની વાત કરી. આપણા સૌના મનમાં એટલું જ હોય કે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કેસેટો તૈયાર કરવી અને લોકો સુધી પહોંચાડવી, જેથી સત્સંગનો ખૂબ પ્રચાર થાય. પરંતુ અધ્યાત્મની આંટીઘૂંટીઓ અને માનવમનના સ્વભાવોને બરાબર સમજનારા ગુરુદેવ ભવિષ્ય ભાખતા હતા. ગુરુદેવના મનમાં સત્સંગના ભવિષ્યની ચિંતા હતી. તેથી જ આ અવસરે પણ ગુરુદેવ જાહેરમાં જ સૌને ચેતવણી આપી રહ્યા હતા. આજે એમની એ ભવિષ્યવાણી કેટલી સાચી છે એ સર્વવિદિત છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની વચનામૃતની કથાનું શ્રવણ કરીએ ત્યારે દેખાઈ આવે કે, કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરે એવા દોષો, સ્વભાવોને દૂર કરી પોતાના શિષ્યોને શુદ્ધ સોના જેવા બનાવવા પોતે કડક બની હિત વચનો કહેવામાં ક્યારેય ખચકાતા નહિ. તેમાં પણ સંતોને તેઓ ઘણું વઢતા. સ્વામી સંતોને કહેતા, 'હું તમને વારે વારે રોકુ-ટોકુ છું અને ધખુ છું તે તમે મારા દુશ્મન નથી પણ તમે ભગવાનને રાજી કરી શકો એવું તમારું જીવન બને તે મારી ફરજ છે. જો હું તમને તમારા હિતની વાત ન કરું તો હું ભગવાનના ઘેર ગુનેગાર ઠરું.'

૧૯૮૫માં સાતમી યાત્રા ટ્રેન દરમિયાન ૪ મેના રોજ રાત્રે ૧૧:૪૪ વાગ્યાથી ૩:૧૦ સુધીનું ચંદ્રગ્રહણ હતું. દિવસ હતો વૈશાખ સુદી પૂનમનો. ગુરુદેવ સહિત ૮૦૦ જેટલા યાત્રિકો હરદ્વાર પહોંચ્યા. ગ્રહણ દરમિયાન સૌએ ગંગાકિનારે ભજન-કીર્તન કર્યાં. ગુરુદેવ કથા કરી રહ્યા હતા એ દરમિયાન તેમણે સ્વભાવ છોડવાની વાત કરી. તે સમયે યાત્રામાં ગુરુકુલના વિદ્યાર્થીઓ હળિયાદ ગામના ભીમજીભાઈ રાદડિયા અને કનુભાઈ રાદડિયા પણ હતા. બંને સગા ભાઈ, પણ વ્યાવહારિક મનદુઃખને કારણે લાંબા સમયથી અબોલા હતા. ગુરુદેવની ચકોર નજર બહાર એ રહે જ કેમ ? તેમણે આજે તક જોઈ. સભામાં જ બંનેને સમજાવી સમાધાન કરાવ્યું અને ચંદ્રની જેમ એમના સંબંધમાં રહેલ રાહુ દૂર કર્યો. બંને ભાઈઓ એકબીજાને ભેટી રડી પડ્યા. આજે એકસાથે બે ગ્રહણનો અંત આવ્યો હતો. સભામાં બેઠેલા સહુની આંખો ભીની થઈ! આમ, ગુરુદેવના ઉપદેશે કેટલાયના જીવન પરિવર્તન પામ્યા હતા.

વળી, ગુરુદેવે પોતાના જીવનનું અંતિમ કાર્ય ઋષિકેશ શિબિરનું આયોજન પણ સંતોને ભલામણ કરવા માટે કર્યું હતું. પોતાની ગેરહાજરીમાં પોતાના શિષ્ય સંતો વારસામાં મળેલી નંદસંતોની જીવનપદ્ધતિ હંમેશાં સાચવી રાખે અને સંપ્રદાયની તથા સમાજની સેવા કરી શકે એ હેતુથી જ કર્યું હતું. એ જ સૌ સંતોને એમનો અંતિમ ઉપદેશ હતો.

જગત જીવને સુખ કે સુખનાં સાધન આપે છે પણ સંત તો જીવનું હિત કરવા માટે જ્ઞાન આપે છે. ગુરુદેવે કોઈની પ્રશંસા નથી કરી પણ જીવનભર પોતાના યોગમાં આવતા મુમુક્ષુને ટકોર કરીને તેનું સાચું જીવન ઘડ્યું છે.

સંત વિના રે સાચી કોણ કહે, સાચા સુખની વાત;
દયા રહી છે જેના દલમાં, નથી ઘટમાં ઘાટ.
જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ;
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરાં ક્વાથ.

રોજના નિયમ પ્રમાણે સાંજના સમયે નિયમ-ચેષ્ટા પૂરા કરી નાના સંતો ગુરુદેવના આસને દર્શને ગયા. ગુરુદેવે સંતો તરફ અમીદૃષ્ટિ કરી કહ્યું, 'સંતો ! હું જાણું છું તમને ભગવાને બુદ્ધિ આપી છે. ઘણા કામ સારી રીતે કરી શકો એમ છો. તમે ઘણા દૈવી પણ છો, મોક્ષમાર્ગના ખપવાળા છો. ઘણીવાર મારે તમને વઢવાનું થાય છે. પરંતુ સંતો ! હું તમને મારા માનું છું એટલે વઢું છું અને મારો સ્વભાવ છે - જેને મારાથી નજીક માનીશ એને વધારે કહીશ. પોતાના માન્યા હોય એને કહેવાય, પારકાને થોડું કહેવાય!' આ ગુરુદેવના અંતરનો અભિપ્રાય હતો.

તેથી જ નિષ્કુળાનંદ સ્વામીએ લખેલ -

એવા સંત સદા શુભમતિ, જક્તદોષ નહિ જેમાં રતિ;
સૌને આપે હિત ઉપદેશ, એવા સંતને નામું હું શીશ. ૧

આ પંક્તિ ગુરુદેવના જીવનમાં ચરિતાર્થ થયેલી જોવા મળે છે. એવા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં શત શત વંદના! •

મોટાના પગલે પગલે...

સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદ સ્વામીને શ્રીહરિના

દર્શનની તાણ

સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી

અગણોતેરા દુષ્કાળનો સમય હતો. ધરતી ઉપર કાળદેવનું ચક્ર ફરી વળ્યું હતું. લોકો ચપટી દાણા માટે વલખતા હતા. આ વખતે ઉત્તર ગુજરાતમાં થોડો વરસાદ થવાથી થોડું અનાજ પાકેલું. શ્રીજી મહારાજની આજ્ઞાથી અદ્‌ભુતાનંદ સ્વામી થોડા સંતો સાથે ચરોતરમાં આવીને રહેલા. ભિક્ષાન્ન દ્વારા દેહનિર્વાહ કરી મુમુક્ષુજનોને સદુપદેશ આપતા.

જ્યારે કાઠિયાવાડમાં વરસાદ વરસ્યો એટલે આ બધા સંતો શ્રીજી મહારાજના દર્શન કરવા ગઢડા જવા નીકળ્યા. તે વખતે અદ્‌ભુતાનંદ સ્વામીના જમણે પગે વાળાનો રોગ થયો. પગ એટલો સોજી ગયો કે ચાલવું આકરુ થઇ પડ્યું. સ્વામીના અંતરમાં મહારાજના દર્શન કરવાની અતિશય તાણ હતી. ધીમે ધીમે ચાલ્યા પણ પગ સાથ ન આપે. એક બાજુ પગની પીડા અને બીજી બાજુ હેતની પીડા! સ્વામી દુઃખતે પગે પણ ચાલતા રહ્યા, ધીરે ધીરે ચોકડી ગામ પહોંચ્યા.

ત્યાં ખબર પડી કે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અહીં છે. સ્વામીના દર્શન કરી ખૂબ રાજી થયા. ગામના હરિભક્ત માનસંગભાઈ ડોડિયાએ રસોઈ તૈયાર કરાવી સંતોને ખૂબ પ્રેમથી જમાડ્યા. ચાલીને થાકી ગયેલા સૌ સંતો રાત્રે સૂઈ ગયા પણ અદ્‌ભુતાનંદ સ્વામીને વાળાના દુઃખાવાને લીધે ઊંઘ ન આવી. એટલે સ્વામીએ મોડે સુધી ગામના ભક્તોને શ્રીજી મહારાજના મહિમાની ખૂબ વાતો કરી.

એ પરમહંસને મહારાજમાં કેવું હેત હશે! શરીરમાં અસહ્ય પીડા છે, સોજેલા પગે આખો દિવસ ચાલવાનો થાક છે, પણ મહારાજની વાતો કરવામાં એ પીડા, થાક નડતા નથી!

સવારે ઊઠી સૌ ચાલવા તૈયાર થયા. અદ્‌ભુતાનંદ સ્વામીથી તો હવે એક ડગલું પણ ભરાય તેમ નહોતું. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, સ્વામી, તમે હમણાં અહીં રોકાઓ. ભક્તો તમારી સેવા કરશે. થોડું સારું થાય પછી ગઢડે આવજો.

ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીની આંખે પાણી ભરાઈ ગયા, ''સ્વામી, મહારાજનાં દર્શન નથી થયા તેને ઘણા દિવસો વીતી ગયા છે, એટલે અંતરમાં દર્શનની બહુ ખેંચ છે.'' એટલું બોલતા સ્વામીનું ગળું ભરાઈ ગયું. થોડીવાર રહીને વિનંતી કરી 'સ્વામી, મને એક લાકડી અપાવો તો હું ધીરે ધીરે ખોડંગતે પગે ચાલ્યો આવીશ.'

સ્વામીનું મહારાજ પ્રત્યેનું હેત જોઈ મુક્તાનંદ સ્વામીએ એક લાકડી મંગાવી દીધી. સૌ સંતો ચાલ્યા. અદ્‌ભુતાનંદ સ્વામી લાકડીના સહારે ધીરે ધીરે ચાલતા સાંજે કુંડળ પહોંચ્યા. દિવસમાં ૪૦ ગાઉ ચાલી જનારા અદ્‌ભુતાનંદ સ્વામીને છ ગાઉ ચાલવામાં આખો દિવસ નીકળી ગયો. કુંડળમાં રાઈબાઈએ સંતોને રસોઈ કરીને જમાડ્યા. અહીં રાત્રે મુક્તાનંદ સ્વામીને પણ તાવ આવી ગયો. સવારે તેઓ પણ ચાલી શકે તેમ ન રહ્યા. તેથી રાઈબાએ બંને સંતો માટે ગાડું જોડી આપ્યું, તેમાં બેસીને ગઢપુર જવા નીકળ્યા.

ગઢપુરમાં મહારાજ સભા કરીને બેઠેલા. સુરાખાચર આદિક કાઠી ભક્તોએ મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, હે મહારાજ! જેને ભગવાનમાં બહુ તાણ હોય તેના કેવાં લક્ષણ હોય? મહારાજે કહ્યું પછી કહીશું. ત્યાં સંતોએ ખબર આપ્યા કે 'મુક્તાનંદ સ્વામી અને સંતો આવે છે.'

તરત મહારાજ માણકીએ અસવાર થઈ દરબારો સાથે સંતોને લેવા ઉગામેડીના રસ્તે ચાલ્યા. સંતોના મંડળ જોઈ માણકી દોડાવી મહારાજે મુક્તાનંદ સ્વામી અને બધા સંતોને પાંચ પ્રદક્ષિણા કરી લીધી. મુક્તાનંદ સ્વામી અને અદ્‌ભુતા-નંદ સ્વામી ગાડા ઉપરથી ઊતરી મહારાજને પગે લાગ્યા. મહારાજ મુક્તાનંદ સ્વામી અને સર્વે સંતોને હેતથી ભેટ્યા.

ગઢપુર આવવા નીકળ્યા ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી, આ કાઠીઓએ એક પ્રશ્ન પૂછ્યો છે કે, ભગવાનની તાણ હોય તેનાં કેવાં લક્ષણ હોય?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'હે મહારાજ! ભગવાનમાં અતિશય તાણવાળા ભક્ત જોવા હોય તો આ અદ્‌ભુતાનંદ સ્વામીને જોઈ લ્યો.' એમ કહીને અદ્‌ભુતાનંદ સ્વામી પગે વાળો નીકળ્યો છે એટલે ચાલી શકે તેમ ન હોવા છતાં જે રીતે ગઢપુર પહોંચ્યા તેની આખી વાત કરી.

સ્વામીની વાત સાંભળી કાઠી દરબારો એક બીજા સામે જોઈ રહ્યા અને મનોમન અદ્‌ભુતાનંદ સ્વામીને વંદી રહ્યાં.•

અનુભવના ઉદ્‌ગારો

સર્જનહાર

ડો. કેશુભાઈ કગથરા

સર્જનહારે આ સૃષ્ટિનું અતિ અદ્‌ભુત સર્જન કર્યું છે. નવખંડ ધરતી ઉપર આઠ અબજ મનુષ્યોનું અસ્તિત્વ છે. કેલક્યુલેટર પણ ગણી ન શકે તેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવજંતુ, વૃક્ષવેલી વગેરેનું અદ્‌ભુત સર્જન દૃષ્ટિગોચર થાય છે. એટલું જ નહીં પણ સર્જનહારે મેરુ આદિક ઊંચા પર્વતો, મહાકાય મગરમચ્છ, સાપ-અજગર આદિ સરિસૃપ, હાથી, હિપોપોટેમસ જેવા સ્થૂળ શરીરધારી પ્રાણીઓ, ગગનવિહારી સૂર્યચંદ્રાદિક ગ્રહો, તારાઓ અને રાત-દિવસ મફતમાં મળતા હવા-પાણી વગેરેનું અજોડ સર્જન અને આયોજન કર્યું છે. વળી કોરોના કાળમાં પૈસા દેતા ઓક્સિજનરૂપી હવા ન મળતી તે ભગવાને મફતમાં આપી છે

સૂરજ સર્વને પ્રકાશ આપે, દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો, તે કેશવ કરુણા કેવી જોને.
જન્મ્યું તેને જીવાડવાનો, ઉપાય શોધ્યો શુદ્ધ જોને;
હાડમાંસના હૈયા મધ્યે, દેવે સર્જ્યા દૂધ જોને.
કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને;
કોશીટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને.
મરાળને મોતીનો ચારો, વખતે આપે વાલો જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, મગન થઈને મહાલો જોને.

દેવાનંદ સ્વામીએ ટૂંકું ને ટચ કહ્યું છે કે 'હે જીવડા! હવે તો મગન થઈને મહાલવા માંડ. સર્જનહારે તને કોઈ રીતે ઓશિયાળો રહેવા દીધો નથી. તારા જન્મ પહેલાં જ પ્રભુએ તારી બધી જ જરૂરિયાતોનું સર્જન અને આયોજન કરી દીધું છે. હવે તો તું મહાલવા માંડ્ય, ભાઈ!'

સર્જનહારનું સર્જન તો જૂઓ, કેવું અજબગજબ! પાળ વિનાનો સમુદ્ર, પાણીના એક ટીપામાંથી માનવીનું સાંગોપાંગ શરીર, વિનામૂલ્યે પાણી અને ઓક્સિજનની દેન! ન દામ, ન સલામ! બુદ્ધિશાળીની બુદ્ધિ પણ બહેર મારી જાય તેવું અનોખું ને અદ્‌ભુત સર્જન છે આ સર્જનહારનું!

આ બધું જોઈને પણ આપણાથી અહો...અહો બોલાતું નથી, એ આપણા અહંનું પરિણામ છે. 'એમાં શું?' એમ કહીને પામર માનવી પોતાના અહંનું પ્રદર્શન કરે છે પણ 'એમાં કંઈ નહિ' એમ કહેતો ફરે તો 'તારામાંય શું?' એમ કહેવામાં જરાય અજૂગતું નથી.

માથા ફરેલ માનવીએ કૃત્રિમ વરસાદ માટે બાંયો ચડાવી. આકાશમાં આમથી તેમ ફરતા વાદળો ઉપર રસાયણોનો મારો ચલાવી વાદળોને ચૂંથી નાંખ્યા પણ પરિણામ શું આવ્યું? શૂન્ય! સર્જનહાર કાંઈ હાલી-મવાલી નથી કે ગરીબ બકરી નથી, જેને કોઈપણ દોહી લે! કૃત્રિમ વરસાદ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કર્યું પણ ખીચડી કાંઈ પાકી નહિ.

અચરજ તો જૂઓ, અબજોની માનવવસ્તીમાં કોઈ બે વ્યક્તિના ચહેરા મળતા ન આવે! દરેકના દેહની ગંધ પણ અલગ! દરેક માનવીના અંગૂઠાની છાપ અલગ! એટલે તો દસ્તાવેજી પુરાવામાં અભણ વ્યક્તિના અંગૂઠાનું નિશાન લેવામાં આવે છે. સર્જનહારે કીડી ને કૂતરાનું નાક, ગીધ ને ગરુડની આંખ જેવી બનાવી છે કે તેમાં માણસની બુદ્ધિ બહેર મારી જાય છે.

નરી આંખે ન દેખાય તેવી કીડીના નાક, પગ, પેટનું સર્જન સર્જનહારના વિશિષ્ટ સર્જનનો અજોડ પૂરાવો છે. ચતુર ગૃહિણી ખાંડ, સાકર કે ગોળને છૂપાવવા ગમે તેવો દાખડો કરે તો પણ નાની એવી કીડી એને શોધી જ લે! કીડીના નાક કરતાં ઘણું મોટું નાક માણસનું છે છતાં પણ તે નાકથી તે ગળપણ નથી શોધી શકતો.

ગાય-ભેંસ ઘાસ ખાય ને આંચળમાંથી અમૃત જેવું દૂધ આપે છે! છે ને અચરજ! સંકર સાંઢ દ્વારા જન્મેલી સંકર ગાયો દ્વારા દૂધ તો અધિક માત્રામાં મળે છે પણ તે દૂધમાં ગિર ગાયના દૂધ જેવો સ્વાદ હોય છે? પ્લાસ્ટીકના ચોખા ખેતરમાં રોપેલી ડાંગરના ચોખા જેવા થાય ખરા? અક્કલ વિનાના નકલ કરવા મેદાને પડ્યા છે પણ પરિણામ શૂન્ય!

ભગવાને કૂતરાની ઘ્રાણેન્દ્રિયનું કેવું અજબગજબ સર્જન કર્યું છે! તે સૂંઘીને ચોર, ખૂની કે બળાત્કારીઓને શોધી દૂધનું દૂધ ને પાણીનું પાણી કરી આપે છે. છે ને લાજવાબ સર્જન!

(અનુ. પેજ નં. ૧૫ ઉપર..)

વિશ્વમાં ભારતની આગવી ઓળખ

પ્રયાગમાં આસ્થાનો મહાકુંભ

ડો. ધીરજલાલ કાકડિયા

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં આસ્થાના અમરત સમાન મહાકુંભ હમણાં જ પૂર્ણ થયો. ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમસ્થાને કુંભમેળા દરમિયાન સ્નાનનો મહિમા શાસ્ત્રોમાં ગવાયો છે. કુંભમેળાના ચાર પ્રકાર છે ૧. માઘ મેળોઃ જે દર વર્ષે યોજાય છે. ૨. અર્ધ કુંભ મેળોઃ જે હરિદ્વાર અને પ્રયાગરાજમાં દર છ વર્ષે યોજાય છે. ૩. પૂર્ણ કુંભ મેળોઃ જે દર બાર વર્ષે હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિકમાં યોજાય છે; પરંતુ ૧૪૪ વર્ષ પછી આવતો ૪. મહાકુંભ મેળો પ્રયાગરાજમાં યોજાય છે.

હાલ જે મેળો યોજાઈ ગયો એ ૧૨ પૂર્ણ કુંભમેળા પછી આવતો મહાકુંભ મેળો હોવાથી એનું વિશેષ મહત્ત્વ શાસ્ત્રોમાં લખાયું છે. મહાકુંભનો ખગોળીય સંયોગ એ અવકાશી પદાર્થોનું દુર્લભ સંરેખણ છે. જ્યોતિષીય ગણતરીઓ અનુસાર, આ વર્ષે પ્રયાગરાજમાં મહાકુંભ ૧૪૪ વર્ષ પછી એક વિશેષ સંયોગ છે, જે કુંભ સ્નાનને વધુ નોંધપાત્ર બનાવે છે. આ સંયોગ ત્યારે થાય છે જ્યારે ગુરુ ગ્રહ એ મેષ, વૃષભ અથવા સિંહ રાશિમાં પ્રવેશ કરે છે અને સૂર્ય અને ચંદ્ર અમાવસ્યા (ચંદ્ર જોડાણ દિવસ) જેવા ચોક્કસ દિવસોમાં મકર અથવા કર્ક રાશિમાં પ્રવેશ કરે છે. મહાકુંભ દરમિયાન અમૃત સ્નાનનો અત્યંત મહિમા છે. ૧૩મી જાન્યુઆરીએ પહેલું અમૃત સ્નાન હતું. ૧૪મી જાન્યુઆરીએ બીજું, ૨૬મી જાન્યુઆરીએ ત્રીજું, ૩ ફેબ્રુઆરીએ ચોથું, ૫ ફેબ્રુઆરીએ પાંચમું, ૧૨ ફેબ્રુઆરીએ છઠ્ઠું અને ૨૬ ફેબ્રુઆરીએ અંતિમ અમૃત સ્નાન હતું. આ મહાકુંભમાં ૬૦ કરોડ ઉપરાંત લોકોએ પ્રયાગરાજમાં આસ્થાની ડૂબકી લગાવી દીધી છે. દેશના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી તેમજ વિવિધ રાજકીય, સામાજિક ક્ષેત્રોના અગ્રણીઓએ પણ આસ્થાની ડૂબકી લગાવી રાષ્ટ્રને આધ્યાત્મિક શ્રદ્ધાનો સંદેશ આપ્યો છે.

માત્ર ભક્તોનું જ નહીં પણ વિશેષ રૂપે સાધુ-સંતોનું સાંનિધ્ય પણ સંગમસ્થાન પ્રયાગરાજ ખાતે મેળાને શોભાવી રહ્યું છે. દરમિયાન ગંગા કિનારે અંદાજે ૧.૫ લાખ લોકોએ કલ્પવાસમાં રહેવાનું નીમ રાખ્યું છે. કલ્પવાસમાં રહેવા માટે કેટલાક નિયમોનું પાલન કરવું પડતું હોય છે જેમ કે ઇન્દ્રિયો પર કાબૂ રાખવો, સત્યનું આચરણ કરવું, અહિંસા ધર્મ પાળવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, સંધ્યાએ ધ્યાન કરવું, મંત્રજાપ કરતા રહેવું, યથાશક્તિ દાન દેવું, જમીન ઉપર સૂવું, વેદોનો ઉચ્ચાર કરવો, દેવતાઓનું પૂજન કરવું વગેરે.

વિશ્વના અનેક દેશોમાંથી આસ્થાની ડૂબકી મારવા આવેલ કરોડોની આ માનવમેદનીએ પ્રયાગરાજને વિશ્વના અપ્રતિમ તીર્થસ્થાનની ગરિમા અપાવી. વૈદિક સંસ્કૃતિના આ સૌથી મોટા મેળાએ વિશ્વમાં સનાતન ધર્મનો ડંકો વગાડ્યો.

મહાકુંભ મેળાને સફળ બનાવવા ઉત્તર પ્રદેશની યોગી સરકારે અતિ અદ્‌ભુત આયોજન કરેલું. સંગમઘાટ, કેદારઘાટ, દશાશ્વમેધ ઘાટ, હંડી ઘાટ વગેરે ઘાટો ઉપર લાખો લોકો દરરોજ સંગમ સ્થળે શાંતિથી સ્નાનનો લાભ લઈ શકે તેના માટે સુચારુ વ્યવસ્થા ગોઠવેલી. લગભગ ૪૦ વર્ગ કિલોમીટર પર ફેલાયેલ સંતોની છાવણીઓ અને ટેન્ટ સીટીએ ગંગા કિનારે જાણે 'મીની ભારત' ખડું કરી દીધેલું. ૪૫,૦૦૦ પોલીસ જવાનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને CCTV કેમેરાથી ચાંપતી નજર રાખી રહ્યા હતા. મેળામાં ૫૬ પોલીસ સ્ટેશન, ૬૦ ફાયર સ્ટેશન, ત્રણ મહિલા પોલીસ સ્ટેશન, ૧૪૦૦૦ હોમગાર્ડ વગેરે તૈનાત હતા. ૨૭૦૦ સીસીટીવી કેમેરા અને ૩૪૦ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી કેમેરાઓ ૨૪ કલાક બાજનજર રાખી રહ્યા હતા. સલામતી માટે પૂરતો બંદોબસ્ત ગોઠવાયો ઉપરાંત સ્નાન માટે ૨૫ જેટલી હાઇટેક જેટીઓ લગાવી હતી. ૩૦ હંગામી પુલ બનાવાયા

હતા, ૨૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરેલી અને યાત્રાળુઓને કિનારેથી સંગમસ્થાન સુધીની સફર કરાવવા લગભગ ૩૦૦૦ જેટલી બોટ તૈનાત કરવામાં આવેલી.

કુલ ૪૫ દિવસના આ ભવ્ય અને દિવ્ય મહાકુંભમાં ડૂબકી લગાવી ધન્યભાગી બનવા ન માત્ર ભારતમાંથી પરંતુ વિદેશમાંથી પણ હિન્દુ સમાજના લાખો લોકો આવ્યા હતા. ધારણા બહારની સંખ્યામાં ભક્તો કુંભ સ્નાન માટે આવ્યા એટલે પ્રસાશનને ટ્રાફિક કંટ્રોલ કરવામાં પણ ભારે મહેનત કરવી પડી. અમૃત સ્નાનના દિવસોમાં પ્રયાગરાજની ચારેય દિશાના હાઈવે ઉપર કેટલાય કિલોમીટર સુધી 'મહા જામ' લાગેલો. લોકો ૧૦-૧૨ કલાક ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા. ૧૨-૧૫ કિલોમીટર ચાલીને સંગમ સ્થાને પહોંચી શકાતું. આ બધી વિપરીત પરિસ્થિતિઓથી દરેક વ્યક્તિ માહિતગાર હતા છતાં મહાકુંભમાં આસ્થાની ડૂબકી મારવાનું બધાને આટલું આકર્ષણ કેમ હતું?

આકર્ષણ એટલા માટે હતું કે હવે પછી આવો મહાકુંભ મેળો ફરી ૧૪૪ વર્ષ પછી આવશે. શ્રદ્ધાળુ લોકો વિચારતા કે કદાચ ૨-૪ દિવસ થોડી મુશ્કેલી પડે, થોડું સહન કરવું પડે પણ જો આ સંયોગ ચૂકાઈ જશે તો હવે પછી આપણી જિંદગીમાં આવો યોગ તો ફરી પાછો આવવાનો નથી. એટલે શરીરના કષ્ટને નહિ ગણીને શ્રદ્ધાળુઓ હરખાતે હૈયે, ભજનકીર્તન કરતા ત્રિવેણીમાં ડૂબકી લગાવવા આવતા હતા.

વ્હાલા ભક્તો, આપણને મળેલ મનુષ્યશરીર તો એનાથી પણ અતિશય દુર્લભ છે. દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભઙ્ગુરઃ । તત્રાપિ દુર્લભં મન્યે વૈકુણ્ઠપ્રિયદર્શનમ્ ।। શ્રીજી મહારાજે ખગોળ-ભૂગોળના વચનામૃતમાં મનુષ્યદેહની દુર્લભતા વર્ણવી છે. આપણા ૮ અબજ અને ૬૪ કરોડ વર્ષ થાય ત્યારે બ્રહ્માજીનો એક દિવસ થાય. એવા ત્રીસ દિવસનો એક માસ. એવા બાર માસનું એક વર્ષ. એવા ૧૦૦ વર્ષ બ્રહ્માજી દેહ રાખે છે. એવા સાડા ત્રણ કરોડ બ્રહ્માની આયુષ્ય પૂરી થાય ત્યારે આ જીવને ફરી આવો મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે.

આવું દુર્લભ આ મનુષ્યશરીર મળ્યા પછી આત્મકલ્યાણ કરી તેનો સાચો ઉપયોગ કરી લેવો જોઈએ. અનાદિ કાળથી આપણે માયામાં જ રમીયે છીએ એટલે ભગવાનને શરણે જઈ આત્મકલ્યાણને માર્ગે ચાલવું થોડું કઠણ પડે પણ ફરી આવો યોગ ક્યારે પ્રાપ્ત થશે? તેનો વિચાર કરીએ તો જીવનના થોડા વર્ષ ભગવદ્ આરાધના અને સંતસમાગમ કરી જીવનને સાર્થક બનાવવાનો પ્રયત્ન અઘરો નહિ લાગે. •

(અનુ. પેજ નં. ૧૩નું ચાલુ... સર્જનહાર..)

કુદરતની નકલ કરનારાનું શું ગજું કે એની નકલ કરી શકે?

એક સત્ય ઘટના

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના બોડીઘોડી ગામે શિવાલયમાં એક બ્રાહ્મણ પરિવાર સેવાપૂજા કરતો. શિવાલયની બાજુમાં નાનકડા ઘરમાં તે પરિવાર રહેતો. એમના ઘર સામે એક કૂતરો રહેતો. પૂજારી દરરોજ તેને રોટલાનો ટૂકડો નાખે. તે ખાઈને તે ઘર અને શિવાલયની ચોકી કરતો. એક રાત્રે એક ચોર શિવાલયમાં ચોરી કરવા આવ્યો. ચોર તો શિવલિંગ ઉપરના ચાંદીના સાપ, ચાંદીનું થાળું, પૂજારીના દરદાગીના વગેરે લઈને રાતના અંધારામાં ઓગળી ગયો. પેલો કૂતરો તેને જોઈ ગયો. તે એમના પગલાં સૂંઘતો સૂંઘતો પાછળ ગયો. ચોર તો ગામ બહાર એક વડના ઝાડ નીચે ઊંડો ખાડો ખોદી તેમાં ચોરીના ઘરેણાં દાટીને જતો રહ્યો હતો. થોડા દિવસ પછી એ ઘરેણાં લઈ જઈશ એવો એનો મનસૂબો.

સવારે પૂજારી મંદિરમાં ગયા તો ત્યાં ચાંદીના સર્પદેવ, થાળું વગેરે ન જોતા તેના હૈયામાં ફાળ પડી. ત્યાં કૂતરો પૂજારી પાસે આવ્યો અને તેના ધોતિયાનો છેડો પકડીને ગામ બહાર વડ નીચે ખેંચી ગયો, જે જગ્યાએ ઘરેણાં દાટ્યા હતા ત્યાં પોતાના પગથી ખોદવા લાગ્યો. પૂજારીએ આશ્ચર્ય સાથે ત્યાં થોડો ખાડો કર્યો ત્યાં તો દરદાગીના વગેરે બધી સામગ્રી સલામત મળી આવી! પૂજારી તો આભા જ બની ગયા ને કૂતરા ઉપર આફરીન થઈ ગયા.

આજે પણ બોડીઘોડી ગામે આ પ્રસંગના પુરાવારૂપ 'કુત્તાડેરી' મોજૂદ છે. •

(અનુ. પેજ નં. ૧૭નું ચાલુ... સેવામુક્તિશ્ચ ગમ્યતામ..)

રાત્રિ-દિવસ દાખડા કરવામાં પાછું વાળી જોયું નથી.

માત્ર પૂજાના ઠાઠ, રસોઈઓ, આરસની તક્તીઓ, માનપત્રો, કાર્યક્રમો, સેવાના પ્રદર્શનો અને છટાદાર ભાષણો વગેરેમાં જ સેવા થયાનો સંતોષ માનવો એ ભ્રમ છે. ખરી રીતે નિષ્કામભાવે સમગ્ર સત્સંગને પોતાનો માનીને શ્રીજીના સર્વોપરી સિદ્ધાંત પ્રમાણે તેને સ્વચ્છ, પવિત્ર અને દિવ્ય જોવાની નિરંતર ધગશ રાખવી અને બને તેટલો-યથાશક્તિ તેને ખાતર પોતાના શરીરશ્રમનો, પોતાની બુદ્ધિનો અને પોતાની સંપત્તિનો સદુપયોગ કરવો એ જ સેવા અને એ જ કર્તવ્ય છે. •

(સદ્‌વિદ્યા વર્ષ : ૪, અંક-૧, જાન્યુઆરી-૧૯૫૫)

સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્

આદ્યતંત્રી શ્રી ત્રિભુવનભાઈ વ્યાસ

સેવા એ બે અક્ષરના શબ્દનો મહિમા અપાર છે. આ પ્રવૃત્તિપરાયણ જગતમાં જ્યાં જ્યાં આદરપૂર્વક નિઃસ્વાર્થભાવે પ્રવૃત્તિ થતી હોય ત્યાં તે સેવાનું રૂપ ધારણ કરે છે. એવી નિષ્કામ સેવા એ પ્રભુપ્રીત્યર્થે હોય તો શિક્ષાપત્રીના સિદ્ધાંત પ્રમાણે તે મુક્તિરૂપ બની જાય છે.

બંધન અને મોક્ષનો વિચાર કરીએ ત્યારે મન એ જ એનું કારણ ભાસે છે. માટે જ मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः એમ શ્રીમદ્ ભગવદ્‌ગીતા કહે છે. કેમ કે જે જે ક્રિયામાં મન જોડાય છે, તેમાં તે પોતાનો અહંભાવ એટલે 'હુંપણું' અને મમતા એટલે 'મારાપણું' રાખીને જ જોડાય છે. હુંપણું અને મારાપણું એ જ મોટામાં મોટું બંધન છે. જો મનુષ્ય આ શરીરમાંથી હુંપણું તજે અને અન્ય પદાર્થોમાંથી મારાપણું છોડી દે, તો તેને સંસારનું વળગણ છૂટી જાય છે અને સંસારનું વળગણ છૂટે એ જ મોક્ષ. એવી મોક્ષની સ્થિતિમાં રહેલો આત્મા નિર્વિકાર બ્રહ્મસ્થિતિમાં પણ હલનચલન વગર (નિઃચેષ્ટ) એટલે નિષ્ક્રિય રહેવાનો સંભવ નથી. કેમ કે સૃષ્ટિની જે નિયંત્રણા પરમાત્માએ રચી છે, તેમાં અનંત જીવોના કલ્યાણનો જ એકમાત્ર હેતુ છે અને એ હેતુ સિદ્ધ થાય તે અર્થે જ ભગવાને અનાદિ વાસનામય જીવોને બુદ્ધિ, ઈંદ્રિયો, મન અને પ્રાણ સર્જી આપ્યાં છે. (बुद्धिइन्द्रियमनः प्राणान् जनानामसृजत् प्रभुः - શ્રીમદ્ ભાગવત) એટલે જ્યારે પરમાત્માનો જ સંકલ્પ અનંત જીવોના કલ્યાણ માટે છે, ત્યારે સંસારના બંધનથી છૂટેલો અને પરમાત્મા સન્મુખ થઈ બ્રહ્મસ્થિતિને પામેલો આત્મા નિષ્ક્રિય કેમ રહી શકે? તેમણે પણ પરમાત્માની કલ્યાણ-નિયંત્રણાની સેવારૂપ ભગવાનની અનુવૃત્તિમાં ગૂંથાવું એ જ પરમગતિ છે. પોતાના સ્વામિ-પરમાત્માનું જો સાધર્મ્ય અને સાંનિધ્ય પ્રાપ્ત કરવું છે, તો તેમની રુચિ અને તેમના સંકલ્પને અનુરૂપ મુક્ત પુરુષનાં રુચિ અને સંકલ્પ હોય તો જ તેમના પદની પ્રાપ્તિ થઈ ગણાય. માટે પરમાત્માની કલ્યાણનિયંત્રણાની અનુવૃત્તિ-ભક્તિ એ જ સાચી સેવારૂપ મુક્તિ છે. માટે જ સત્સંગમાં સાધન પણ સેવા છે અને સાધ્ય પણ સેવા છે.

પોતાના સર્વજીવહિતાવહ આદિ ધ્યેયને આ પૃથ્વી ઉપર ભાગવતધર્મ દ્વારા શુદ્ધ સ્વરૂપમાં મૂર્ત કરવા અને તેની ઉત્તમ પ્રણાલિકાનો આદર્શ સ્થાપન કરવા માટે પરાત્પર પરમાત્માએ ભગવાન સ્વામિનારાયણરૂપે પ્રગટ થઈને નિષ્કામ સેવારૂપ પ્રવૃત્તિને જ નિવૃત્તિ બતાવી છે અર્થાત્ જે કાર્ય ભગવાન અર્થે-પ્રભુપ્રીત્યર્થે થાય છે તે નિર્ગુણ અને નિવૃત્તિરૂપ બની મોક્ષ માટે કલ્પાય છે.

एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः ।
त एवात्म विनाशाय कल्पन्ते कल्पिताः परे ।। (શ્રીમદ્ ભાગવત)

(મનુષ્યની સર્વક્રિયાની યોજના અંતે સંસૃતિભ્રમણનું કારણ થાય છે; પરંતુ તેની તે જ ક્રિયાઓ જો ભગવાન અર્થે પ્રયોજાય, તો તે સંસારના બંધનનો નાશ કરીને મોક્ષને માટે ઉપયોગી બની જાય છે) અર્થાત્ સંસારચક્રને પ્રભુએ જે ગતિમાં મૂક્યું છે, તેમાં તેના મૂળ હેતુને અનુરૂપ જીવન બનાવી, નિષ્કામપણે સેવા બજાવતા રહી ભગવાનની ઉપાસના કરવી એ જ સર્વ વાતનો સાર છે.

બીજી દૃષ્ટિએ આ સૃષ્ટિનો ક્રમ પણ આપણને એ જ વસ્તુ નિરંતર સમજાવી રહ્યો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચભૂતો પોતપોતાના ધર્મ પ્રમાણે ગમે તે સ્થિતિમાં પણ સાનુકૂળ બનીને કાર્ય બજાવી રહ્યા છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ અને તત્ત્વોના દેવતાઓ તથા બ્રહ્માંડના અધિષ્ઠાતાઓ પણ પોતપોતાની ક્રિયામાં નિયમિત પ્રવૃત્ત રહી સમષ્ટિની સેવા બજાવી રહ્યા છે. આમ પરમાત્માની ઈચ્છાને અનુસરવાનું ધોરણ સર્વત્ર ભાસે છે. માટે ફળની ઈચ્છામાં રહેલી સ્વાર્થની ગંધ અને અહંતા તજીને મનુષ્ય નિષ્કામ કર્મ કરે અને તેમાં ભગવાનનું અનુસંધાન રાખે ત્યારે તે સેવા જીવનમુક્તિ રૂપ બની જાય છે. એટલું જ નહિ દેહ છૂટ્યા પછી પણ બ્રહ્મરૂપે કરીને એ જ સેવા-પ્રભુની અનુવૃત્તિમાં રહેવું તેને મુક્તિ કહેવામાં આવી છે. तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् (શિક્ષાપત્રી) ત્યાં (ધામમાં પણ) બ્રહ્મરૂપે કરીને ભગવાનની (અનુવૃત્તિરૂપ) સેવા કરવી એ જ મુક્તિ માની છે.

શ્રીજી મહારાજે આ સંપ્રદાયને સેવારૂપ જ બનાવ્યો છે. તેઓશ્રીએ જન્મથી દેહ મૂકવા પર્યંત જનકલ્યાણની અવિરત પ્રવૃત્તિ સિવાય ક્ષણ પણ જવા દીધી નથી. પોતાના સેવકો-ગૃહી-ત્યાગી દ્વારા પણ જનસમાજના શ્રેયની જ પ્રવૃત્તિ નિરંતર કરાવી છે. સમાજના હિત માટે કૂવા, વાવ, તળાવો ખોદાવ્યાં છે, ઠેરઠેર મંદિરો કરાવ્યાં છે, વ્યવહારનો સન્માર્ગ બતાવ્યો છે, માતાપિતા, ગુરુ, વૃદ્ધ, બાળક, રોગી એમની સેવા ભાવપૂર્વક જાતે કરી છે અને કરાવી છે અને તેમ કરવાની શિક્ષાપત્રીમાં પણ આજ્ઞા આપી છે. જાત કુજાતને ન જોતાં સર્વને શુદ્ધ ભક્તિ કરતા કર્યા છે; શાસ્ત્રો રચાવ્યાં છે, અભણ અને પછાત જનતામાં સદ્‌વિદ્યાનો પ્રચાર આગ્રહપૂર્વક કરાવ્યો છે; સ્ત્રીજાતિને સંસ્કારી અને દૃઢ બનાવી છે; હલકી ગણાતી કોમોને ઊંચા સંસ્કારવાળી બનાવી છે. નીચામાં નીચી ટેલ મળે તો તેમાં સદ્‌ભાગ્ય માનવાની ભાવના દાખલ કરી છે; સમાજને ધાર્મિક અને સદાચારી બનાવવા વ્યસનો અને કુલક્ષણો તજાવવાના અથાક પ્રયત્નો કર્યા છે અને એ જ રુચિને પોતાને પોતાની રુચિ બનાવી દઈ અનેક પરમહંસોએ પોતાના સમગ્ર જીવન એ નિષ્કામ પ્રવૃત્તિમાં અર્પણ કરી દીધાં છે. એ જ સેવાવૃત્તિથી સત્સંગ થોડા જ સમયમાં સોળે કળાએ ખીલી ઊઠ્યો હતો.

શ્રીજી મહારાજે સેવાના મહિમા ઉપર ઘણો જ ભાર મૂક્યો છે. પોતાની સાથે નિરંતર સેવામાં રહેનારા અનેક સંતો અને પાર્ષદો હોવા છતાં ગઢપુરમાં રહીને નીચી ટેલ, મંદિરની સાફસૂફી, મળમૂત્રનાં સ્થાનોની સ્વચ્છતા, વાસીદું વગેરે કાયમ કરનારા ભક્ત ઊકાખાચરની સેવાને જે મહત્ત્વ આપ્યું છે તે બાબત અતિ શ્રેષ્ઠ છે. શ્રીજીએ ઊકાખાચરને ઉદ્દેશીને કહ્યું છે કે-'જેવું ઊકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે; તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું વ્યસન પડે તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.' (વચનામૃત ગઢડા મધ્ય પ્ર. ૨૫)

વાસના એ જ જન્મમરણનું કારણ અને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. વાસનાનો નાશ કરવા માટે જ જપ, તપ, વ્રત, ઉપાસના, ધ્યાન, સ્મરણ, સમાગમ વગેરે બધું કરવામાં આવે છે. એવી મહાબળવાન અને મલિન બધી જ વાસનાઓનો નાશ સેવાથી થઈ જાય છે એ કંઈ ઓછી વાત છે? અને ઊકાખાચરના દૃષ્ટાંતથી શ્રીજી કહે છે, એ રીતે તો સેવા એ વાસનાનો કાટ ઉખેડવાનું અદ્‌ભુત રસાયણ જ ગણાય.

સત્સંગમાં ઊકાખાચરની એક વાત પ્રસિદ્ધ છે કે-તેઓ સાવરણી અને સૂંડલો લઈને કાયમ મંદિરને ખૂણાખાંચા સહિત વાળતા; મંદિરનો ચોક અને મળમૂત્રના ખાડા હંમેશાં સાફ કરતા. એક વખત ગઢપુરમાં સવારે ઘેલાથી નાહીને સાધુ પાળા વગેરે સૌ દાદાખાચરના દરબારમાં પોતપોતાને આસને આવતા હતા. વચ્ચે ચોકમાં એક જગાએ કૂતરાનો મળ પડેલો હતો, તેને જોઈને સૌ એકબાજુ તરીને ચાલ્યા જતા હતા; પરંતુ જ્યારે ઊકા ખાચર નાહીને આવ્યા, ત્યારે તેમણે તે ગંદકી દીઠી કે તુર્ત જ ખભેથી ભીનું ધોતિયું બાજુએ મૂક્યું અને સૂંડલો-સાવરણો લઈ મળને ધૂળથી ઢાંકી ત્યાંથી વાળીને સાફ કરી નાખ્યું અને ફરી પાછા ઘેલે નાહવા ગયા! જ્યારે શ્રીજીએ આ સાફસૂફી કરતાં ઊકાખાચરને જોયા, ત્યારે પ્રસન્ન થઈને બોલ્યા કે ''હવે ઘરનો માલિક આવ્યો'' આમ સત્સંગને પોતાનો જાણી આત્મબુદ્ધિથી તેની સ્વચ્છતા જાળવવા અને શુદ્ધિ માટે નિષ્કામભાવે સેવા થાય, ત્યારે જ તે વાસનાને નિર્મૂળ કરનારી સાચી સેવા બને છે.

જો સેવા એ પોતાની નમ્રતા બતાવવા ખાતર કે માન, મોટાઈ, કીર્તિ કે કોઈની મહોબતને લઈને કરવામાં આવે તો તે સેવાનું ફળ ભગવાનને ચોપડે સેવા ખાતે જમા થવાને બદલે માન, મોટાઈ, કીર્તિ કે મહોબત ખાતે જમા થઈ જાય છે. આ વસ્તુ વિવેકપૂર્વક સમજવાની છે. મંદિરોમાં આવતા જતા ગૃહીજનો કે દેશમાં દેવસેવા અર્થે ફરતા ત્યાગીઓનો વસવાટ હોવા છતાં ઘણે સ્થળે મંદિરોમાં દેવનાં સિંહાસનોથી લઈને મંદિરના ખાંચાખૂંચા, નવેળાં, પાણી ભરવાના સ્થળો, મળમૂત્રનાં સ્થાનો વગેરેમાંથી ગંદવાડ દૂર થતો નથી. એનો અર્થ એ છે કે સેવા કરવા-કરાવવાની વાતો ઘણી થાય છે, પણ સાચી રીતે કરવાની સેવા થવાને બદલે પ્રમાદ પેસતો જાય છે અને સત્સંગમાંથી આત્મબુદ્ધિ ઘટતી જઈ સ્વાર્થવૃત્તિ તથા એકલપેટાપણું વધતું જાય છે. આવી એકલ વૃત્તિ દૂર થાય અને સમાજહિતની સેવા કરી શકાય એ હેતુથી જ સત્સંગની સ્થાપના થઈ છે કે જેથી સ્વાર્થની વૃત્તિ ઘસાઈને વિશાળ મનોવૃત્તિ જાગે. જો આમ ન હોત તો શ્રીજી હિમાલયની તપશ્ચર્યા મૂકીને ૭ વર્ષ સુધી અટન કરી અહીં સ્થિર થયા અને લોકકલ્યાણનો પ્રવાહ ચલાવ્યો તે ન ચલાવત તથા પરમહંસો પણ ધ્યાનધારણા કરવા વનમાં ચાલ્યા જાત પણ તેમણે તેમ કર્યું નથી, લોકોમાં ફરી અનેક કષ્ટો વેઠીને લોકોના શરીર, મન અને હૃદય સ્વચ્છ કરવા માટે

(અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર..)

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

કથાનક : સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી

ભાગ-૧

ચિત્રપટ : નવીનભાઈ સોની

સંવત્ ૧૮૦૦ના સૈકાના પ્રારંભે સૌરાષ્ટ્રમાં સંત મૂળદાસજી થઇ ગયા. આ પવિત્ર સંતની અમરેલી પંથકમાં ખૂબ પ્રખ્યાતિ હતી.

તેઓ જ્યાં જતા ત્યાં સેંકડો લોકો તેમના દર્શન-સમાગમ કરવા ઉમટતા. એકવાર તેઓ દીવ બંદર પધારેલા.

એક દિવસ વહેલી સવારે મૂળદાસજી સ્નાન કરવા ગયા. ત્યાં કૂવા કાંઠે તેમણે એક સ્ત્રીને જોઇ.

મૂળદાસજી ઉતાવળે પગલે તેમની પાસે પહોંચી તે સ્ત્રી કૂવામાં પડે તે પહેલા તેનો હાથ પકડી લીધો.



તે યુવાન જૈન સાધ્વી રતનબાઇના પેટમાં ગર્ભ હતો. પુરુષ સહવાસથી તેનાથી માનુષી ભૂલ થઇ ગયેલી.

વાયુવેગે વાત ફેલાઇ ગઇ. પગ ધોઇને પાણી પીનારા લોકો મૂળદાસજીને ગાળો દઇ હડધૂત કરવા લાગ્યા.

મૂળદાસજી રતનબાઇને અમરેલી પોતાના આશ્રમમાં લાવ્યા. સમય વિત્યે તેમની કૂખે દીકરીનો જન્મ થયો.

લોકોને સાચી વાતનો ખ્યાલ આવ્યો એટલે મૂળદાસજી પ્રત્યે પહેલા કરતા ભાવના વધી ગઇ.



રાધા યુવાન થતા આનંદરામ નામમાં
પવિત્ર સરવરિયા બ્રાહ્મણ સાથે તેના લગ્ન કર્યા.

સંવત્ ૧૮૧૪, પોષ સુદ સાતમના રોજ
અમરાપુર ગામમાં રાધાદેવીના ઉદરથી એક મહાન અક્ષરમુકતે જન્મ લીધો.

મૂળદાસજીના શિષ્યો હાથીરામ અને
જદુરામ પાસે મુકુંદદાસને શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો.

રાધાદેવીએ પોતાના લાડલા દીકરાનું નામ પાડ્યુ 'મુકુંદદાસ'

મુકુંદદાસને ભગવાનનું ભજન કરવામાં ખૂબ આનંદ આવતો. રામજી મંદિરે તેમની રામાયણની કથા સાંભળવા લોકો દોડી આવતા.

ઉમર થતા મુકુંદદાસની ઇચ્છા ન હોવા છતાં
માતા-પિતાએ આગ્રહપૂર્વક તેના લગ્ન કરી દીધા.

માતા પિતાના આગ્રહથી વૈરાગ્યવાન મુકુંદદાસના
લગ્ન તો થયા પણ તેનું મન સંસારથી ઉદાસ રહેતું હતું.

અમૃતનું આચમન

સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

* કોઈની સાથે ઓળખાણ થાય એ કારણ વગર નથી થતી, એ પૂર્વજન્મનો સંબંધ કંઈક અધૂરો રહી ગયો હોય ને તો જ તમને ભગવાન એમની સાથે મુલાકાત કરાવે છે.
* 'માની લેવું', 'ધારી લેવું' અને 'કહી દેવું' એ સંબંધ બગાડવાના સરળ રસ્તાઓ છે, જ્યારે 'પૂછી લેવું','જાણી લેવું' અને 'સમજી લેવું' એ ગેરસમજ દૂર કરવાના સરળ ઉપાયો છે.
* અહમ્ તો બધાને હોય છે, પણ જે નમે એને જ સંબંધોનું મહત્ત્વ હોય છે !
* આજે માણસો સંબંધોને પણ કેરીની જેમ સાચવતા થઈ ગયા છે, રસ હોય ત્યાં સુધી ઘોળઘોળ કરે, જેવો રસ પતી જાય એટલે કરે ઘા.
* આજના સંબંધો પ્લાસ્ટીકના ફૂલો જેવા થઇ ગયા છે, જે દેખાય તો મનમોહક, પણ એમાં લાગણી જેવી સુગંધ હોતી નથી.
* એક સારી વ્યક્તિ સંબંધ નિભાવવાનું બંધ કરી દે તો સમજવું કે એના સ્વભાવને ક્યાંક ને ક્યાંક ઠેસ પહોંચી છે.
* એક ખોટી વાત અને બીજી અધૂરી વાત કેટલાય સંબંધ તોડી નાખે છે.
* બહુ રૂપિયાવાળા સાથે સંબંધ રાખવા કરતાં સારા સ્વભાવવાળા વ્યક્તિ સાથે સંબંધ રાખજો, કારણ કે રૂપિયાના પાવરમાં તમારું અપમાન થઇ શકે, પરંતુ સારા સ્વભાવથી નહીં.
* બોલીને બગાડવું એના કરતાં શાંત રહીને સંબંધ ઓછા કરી નાખવા વધારે સારા છે.
* બાંધવા માટે પાયો મજબૂત હોવો જોઇએ, પછી તે સંબંધ હોય કે ઘર.
* ભાઈ-ભાઈનો સંબંધ ભગવાન દ્વારા મુશ્કેલીઓ વહેંચવા માટે બનાવવામાં આવ્યો હતો, પરંતુ અફસોસ ! આજે તે માત્ર મિલકતની વહેંચણી પૂરતો સીમિત રહી ગયો છે.
* ભૂલ એ જીવનનું પાનું છે, પણ સંબંધ આખું પુસ્તક છે, જરૂર પડે તો એક પાનું ફાડી નાખો પણ એક પાના માટે આખું પુસ્તક ક્યારેય ન ગુમાવો.
* ઈશ્વર માત્ર મેળાપ કરી આપે છે, સંબંધોમાં નજદીકપણું અને દૂરપણું વધારવાનું કામ તો મનુષ્ય પોતે જ કરે છે.
* મળતા રહો હંમેશાં કોઈ ને કોઈ બહાનાથી, સંબંધ મજબૂત થઈ જાય છે બે ઘડી સાથ નિભાવવાથી.
* મગજથી ચાલતા સંબંધો ક્યારેય આનંદ નથી આપતા કેમ કે એમાં લાગણી ઓછી અને ગણતરી વધારે હોય છે.
* માણસે દરેક સંબંધને સમય આપવો જોઈએ કેમકે બની શકે કે કાલે આપણી પાસે સમય હોય પણ એ સંબંધ જ ના હોય.
* મોટી નોટો અને મોટા માણસો ગમે ત્યારે બદલાઈ શકે છે, એટલા માટે નાની નોટો અને નાના માણસો સાથે સંબંધ મજબૂત રાખવા જોઈએ.
* સાધુમાં પ્રીતિ કરવી એ ગુણ કે સ્કિલ જોઈને નહીં પણ એને ભગવાન સાથે કેટલો સંબંધ છે એ જોઈને કરવી.
* સાચાને સાચા અને ખોટાને ખોટા કહી દો, તો તમારા સંબંધો આપમેળે ઓછા થઇ જશે.
* સાચું ને ? ગુસ્સો આવે ત્યારે રોકતા શીખો, ભૂલ થાય તો નમતા શીખો, સંબંધો ક્યારેય પોતાની મેળે તૂટતા નથી. અહંકાર, ગેરસમજ, અજ્ઞાન અને ખોટા વલણને લીધે સંબંધ તૂટે છે.
* સંબંધ એ નથી હોતો, જે દુનિયાને દેખાય છે, સંબંધ તો એ છે કે જે દિલથી નિભાવવામાં આવે છે.
* સંબંધ એવા બનાવજો કે જેમાં શબ્દો ઓછા અને સમજ વધુ હોય, વિવાદ ઓછો અને સંવાદ વધુ હોય, પુરાવા ઓછા અને પ્રેમ વધુ હોય.
* સંબંધ એવા લોકો સાથે રાખો જેનાથી તમારી જિંદગીમાં કંઈક સુધારો કે વધારો થાય. સંબંધો ટાઇમપાસ કરવા માટે નથી પણ લાઈફ પસાર કરવા માટે છે. સારા સંબંધો જ જીવનને સમૃદ્ધ બનાવે છે.

ગુજરાત : રાજકોટ, જૂનાગઢ, સુરત, નવસારી, તરવડા, નર્મદા, વડોદરા, જ્ઞાનબાગ, વિદ્યાનગર, મોરબી, ઊના, કેશોદ, ભાયાવદર, પાટડી, ભાવનગર, નિકોલ, રતનપર(રાજકોટ), જસદણ, જામનગર, ત્રંબા(રાજકોટ), શાંતિગ્રામ, રામપર, સુરેન્દ્રનગર, ભરુચ

પરપ્રાંત : વાશી (મુંબઈ), હૈદરાબાદ, બેંગ્લોર, નાગપુર, સોલાપુર, ઝેડચરલા, વિજયવાડા, ગુલબર્ગા, બીદર, રાયપુર, ચોક (મુંબઈ), સિકંદરાબાદ, મૈસૂર, બલિવરે(મુંબઈ), સૂર્યાપેટ, દિલ્હી, તિરુપતિ

વિદેશ : ડલાસ, ફીનીકસ, ન્યુજર્સી, શિકાગો, આટલાન્ટા, સ્પ્રિંગફિલ્ડ, સાનએન્ટોનિયો, લોસએન્જલસ, લંડન, ટોરોન્ટો અને રજાઈના-કેનેડા, મેલબોર્ન-ઓસ્ટ્રેલિયા, સાન્તોડોમિંગો, કાલી કોલંબિયા

પૂજ્યપાદ ગુરુમહારાજ તથા પૂજ્ય મહંતસ્વામી અને સંતોના સત્સંગ વિચરણ સાથે

આફ્રિકામાં સૌપ્રથમ વખત યુગાન્ડાના જીંજા શહેરમાં નૂતન ગુરુકુલ શાખાનું ખાતમુહૂર્ત

પ્રાસ્તાવિક : આફ્રિકા ખંડમાં મુખ્યત્વે જંગલ વિસ્તાર અને કુદરતી સંપત્તિયુક્ત ખેતીપ્રધાન સમશીતોષ્ણ વાતાવરણ ધરાવતા ૫૪ દેશો આવેલા છે, ૮૦ કરોડ જેટલી માનવ વસ્તી ધરાવે છે. આ ખંડનો ૧૮મી સદીમાં યુરોપિયનોએ પ્રથમ સંપર્ક કરેલો. પ્રાણીઓ અને પશુપક્ષીઓને લીધે હાલ પ્રવાસીઓ પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. આ ખંડના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એમ ચાર મુખ્ય વિભાગ પડે છે. તેમાં મુખ્યત્વે પૂર્વ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા આદિ દેશોમાં ગુજરાતી, કચ્છી આદિ ભારતીય લોકો વર્ષોથી વેપાર ધંધાર્થે સ્થાયી થયેલા છે.

આફ્રિકા સત્સંગ : વ્યવસાય અને વ્યવહાર ક્ષેત્રે આગવી સૂઝ ધરાવતી ગુજરાતી પ્રજા દેશના અન્ય રાજ્યો ઉપરાંત યુ.કે., અમેરિકા અને આફ્રિકા આદિ વિશ્વભરના દેશોમાં સ્થાયી થઈ છે. આફ્રિકામાં ગુજરાતી, કાઠિયાવાડી ઉપરાંત કચ્છી ભાઈઓ વિશેષ વ્યવસાય અર્થે વસેલા છે. તેમાંના સત્સંગી કચ્છી ભક્તજનોએ ભૂજના જૂના સંતોના વચને જે તે શહેરોમાં મંદિરોનાં નિર્માણ સાથે નિયમ, ધર્મ અને સત્સંગની પરંપરા પેઢી દર પેઢી જાળવી રાખી છે. આજે પણ વહેલી સવારે અને સાંજે આરતી સ્તુતિ પ્રાર્થના અને સત્સંગસભામાં બાળ-યુવા વડીલ ભક્તજનોથી મંદિરો ભરાઈને કથાવાર્તાથી ધબકતા રહે છે.

ઈશ્વરમાં શ્રદ્ધા : અહીંની સ્થાનિક પ્રજા ભગવાનમાં માનનારી કે ભગવાન ભરોસે જીવન જીવનારી રહી છે. ભગવાનને તેઓ આફ્રિકન ભાષામાં 'મૂંગુ' કહે છે. સંગ્રહ કરવામાં અહીંની પ્રજા બહુ માનતી નથી, આવતી કાલની ચિંતા કરતી નથી. 'ભગવાન દઇ રહેશે, ઉપરવાળો બેઠો છે ને' એમ તેઓ ભગવાનનો વિશ્વાસ ધરાવે છે. અહીં હિન્દુ ધર્મ ઉપરાંત આક્રાંતાઓને લીધે ખ્રિસ્તી અને મુસ્લીમ ધર્મનું પ્રવર્તન લોકોમાં થયેલું જોવા મળે છે. ધાર્મિક રીતે સહુ નિરુપદ્રવી જીવન જીવે છે.

જો કે કદાચ તેઓની આ માન્યતાને પ્રભુએ માન્ય કરી હોય તેમ અહીં ખેતીવાડી અંગે આગવી કોઈ પદ્ધતિ ન હોવા છતાં ફળફળાદિ અને વિવિધ પાક ફક્ત બીજારોપણ કરવાથી જ સહેજે ઊગી નીકળે છે. અહીંની પ્રજા મોજીલી, સરળ, તો કેટલીક આક્રમક પણ છે. કેટલાક શહેરોમાં સલામતી અને સાવધાની સાથે ભારતીયો કામ અને ધંધા રોજગારી કરે છે. સરકાર આવા આતંકીઓથી સતત રક્ષણ પૂરું પાડતી રહે છે. શિક્ષણનો વ્યાપ વધતા પ્રજામાં સમજદારી વધતી જાય છે. પરદેશીઓ સાથે સંપ અને વફાદારી પણ રાખે છે.

ગુરુકુલનું નિમિત્ત : આફ્રિકા દુનિયાના અન્ય દેશો કરતાં વિકાસની દૃષ્ટિએ પાછળ છે. છતાં ટેકનોલોજી અને ટ્રાન્સપોર્ટેશનના કારણે ભારતીયો અને અન્ય દેશના કુશળ લોકોની નવી નવી કંપનીઓ અહીં વિકસી રહી છે. સંસ્થા દ્વારા અહીં ગુરુકુલ થવાનું ખાસ કારણ તો અહીં વસેલા ભારતીય લોકોના સંતાનોમાં સંસ્કૃતિ અને સંસ્કારોનું જતન-પ્રવર્તન

થાય. તેમ છતાં સહુ એક જ પરમાત્માના સંતાન છે તેવી ભાવનાથી ગુરુકુલ સ્થાનિક લોકો માટે વિશેષ સ્કૂલ છાત્રાલયની સગવડ પૂરી પાડશે, જેથી અહીંના મૂળ લોકોને ભારતીય સંસ્કારો અને સ્વામિનારાયણીય સત્સંગનો લાભ મળે. શેરડી વાંસે એરડીનું પણ સહેજે પોષણ થશે.

ખાતમુહૂર્ત પૂર્વે સંતોનું સત્સંગ વિચરણ

રાજકોટ ગુરુકુલથી પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંત સ્વામી સહિત પૂજ્ય કેશવપ્રિયદાસજી સ્વામી આદિ આઠેક જેટલા સંતો તારીખ ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ ભારતથી આફ્રિકામાં પ્રથમ કેન્યા દેશના નાઈરોબીમાં વડતાલ તથા કચ્છ પ્રદેશના મંદિરોમાં તા. ૧૧/૧/૨૫ સુધી ભક્તજનોને સત્સંગનો લાભ આપેલ. તા. ૧૨ થી ૧૮ સુધી મોમ્બાસા કચ્છ સ્વા.મંદિરમાં ઉતારા કરીને નિત્ય સવાર-સાંજ સત્સંગસભામાં કથાવાર્તા કરેલ. ભક્તોને ત્યાં ઠાકોરજીની પધરામણી કરેલ.

કમ્પાલા : એ પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશનું પાટનગર છે. પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી આદિ સંતો તા.૧૯/૧ ના રોજ મોમ્બાસાથી ફ્લાઈટ દ્વારા અત્રે પધારેલ. અહીં તા. ૨૦ થી ૨૫ સુધી કચ્છ સ્વામિનારાયણ મંદિરમાં રહીને ભક્તજનોના સત્સંગનું પોષણ કરેલ. તા.૨૩ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક વિશેષ સભા પણ યોજાઈ હતી. અહીં હિતેષભાઈ જેસાણી, મનીષભાઇ વરસાણીના પાંચ હજાર એકરના વિશાળ ફાર્મમાં હેલીકોપ્ટર દ્વારા સંતોની પધરામણી થયેલ. રજનીભાઈ સાવલિયા, કેતનભાઈ સવાણી આદિને ત્યાં પણ પધરામણી કરેલ. તા. ૨૫ના રોજ મોટરકાર દ્વારા કમ્પાલાથી જીંઝા આવતા માર્ગમાં મનીષભાઈ વરસાણી સંચાલિત અનાથાશ્રમ બાળકોની સ્કૂલમાં સંતોએ પધરામણી કરેલ, ત્યાંના બાળકોની બેન્ડપાર્ટીએ વાજિંત્રો સાથે જનગણ મન... રાષ્ટ્રગીતનું વાદન કરેલ. અહીંથી સંતો જીંઝા પધારેલ.

જીંઝામાં શ્રીમદ્ ભાગવત કથાપારાયણ

આ શહેર આફ્રિકા અને દુનિયાના સૌથી મોટા મીઠા પાણીના વિકટોરિયા સરોવરને કાંઠે વિસ્તરેલું છે. તેમાંથી નીકળતી વિશ્વની સૌથી લાંબી નાઈલ નદીનું ઉદ્ગમ સ્થાન પણ અહીં છે. અહીં જીંઝામાં ગુરુકુલ નિર્માણ અર્થે ભૂમિદાન કરનાર મૂળ અમરેલી ચલાળાના વતની પ.ભ. શ્રી મગનભાઈ ઠુંમરના સુપુત્ર જયભાઈના નૂતન નિવાસ સ્થાને પૂજ્ય ગુરુ મહારાજ અને સંતોના ઉતારા થયેલ. પૂજ્ય મહંતસ્વામી અને અન્ય સંતોનો ગુરુકુલ શાખાની જગ્યામાં ઉતારો થયેલ.

અહીં શહેરના સનાતન હિન્દુ મંદિરમાં તા. ૨૬/૧ થી ૧/૨/૨૦૨૫ સુધી સપ્તદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથાપારાયણ શ્રી મગનભાઈ ઠુંમરના જમાઈ તથા કંપનીના સહભાગીદાર શ્રી લાલજીભાઈ દેવજીભાઈ ડોબરિયાની સ્મૃતિમાં આ ઠુંમર પરિવાર તથા ડોબરિયા પરિવારના યજમાન પદે યોજાયેલ. પુરાણી નંદકિશોરદાસજી સ્વામી તથા શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપ-દાસજી સ્વામીના વક્તાપદે નિત્ય સાંજે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી વાજિંત્રગાન સાથે આ કથા સંપન્ન થયેલ. આશરે ૮૦૦ થી ૮૫૦ જેટલા ભક્તજનો નિત્ય સાંય ભોજન પ્રસાદ અને કથાશ્રવણનો ઉત્સાહ અને શ્રદ્ધાથી લાભ લેતા.

અહીં આ સનાતન મંદિરના ૮૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથાશ્રવણથી ગુજરાતી લોકો અને ભારતીય ભાવિકો ખૂબ જ પ્રસન્ન થયેલ. કથા અંતર્ગત શ્રીરામ પ્રાગટ્ય, શ્રીકૃષ્ણ પ્રાગટ્ય, ગોવર્ધન લીલા, રાસોત્સવ આદિ ઉત્સવની ઉજવણી થયેલ. કથાના અંતે પૂજ્ય ગુરુ મહારાજ તથા મહંત સ્વામી પ્રસંગોચિત આશીર્વચન પાઠવી ભક્તજનોને વિશેષ કૃતાર્થ કરતા. કથાના આયોજનને સફળ બનાવવા મંદિરના પ્રેસિડેન્ટ મિનેશભાઈ પટેલ (ટીનાભાઈ) તથા કમિટીના સભ્યોએ સારો સહયોગ પૂરો પાડેલ.

ઝીંઝામાં નૂતન ગુરુકુલ શાખાનું ખાતમુહૂર્ત તથા પ્રાસંગિક સમારોહ, વસંતપંચમી તા. ૨/૨/૨૦૨૫

સને ૧૯૪૮ મહાસુદ-૫ વસંત પંચમીએ રાજકોટમાં દાણાપીઠ સ્વામિનારાયણ મંદિરે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ભક્તજનોની વિશાળ સભામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટની સ્થાપના અંગેની ઉદ્‌ઘોષણા કરેલ.

ભારત સિવાયના અન્ય દેશોમાં પ્રથમ પ્રારંભ થનાર આ ઝીંઝા ગુરુકુલનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન પણ વસંત પંચમીએ પૂજ્ય ગુરુમહારાજ તથા મહંતસ્વામી તથા ભૂમિ દાતાશ્રી મગનભાઈ ઠુંમર અને અન્ય ભાવિક ભક્તજનો, યજમાનશ્રીઓ, દાતાશ્રીની ઉપસ્થિતિમાં સંતો દ્વારા થયેલ.

સંતો દ્વારા ભૂમિપૂજન : ખાતમુહૂર્તના આગલા દિવસે તા. ૧/૨ના રોજ સવારે પૂજ્ય ભક્તિવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી આદિ સંતો તથા ભક્તજનો દ્વારા વિદ્યાલય, છાત્રાલય અને સંતઆશ્રમ ભવનની ભૂમિ ઉપર ભગવાન શ્રીહરિનું મુકતમંડળ સહિત સ્થાપન, પૂજન અને આહ્‌વાન સાથે પૃથ્વી માતાનું પૂજન કરેલ. આ વિધિમાં પૂજ્ય સંતો સાથે દાતા, ભક્તજનો પણ જોડાયેલ. આ ભૂમિદાન માટે નિમિત્ત બનેલા ગુરુકુલના ભૂ.વિ. શ્રી પારસભાઈ ગજેરા પણ ખાતવિધિમાં જોડાયેલ.

ઠાકોરજી અને સંતોની પધરામણી : મહાપૂજા વિધિ બાદ ગુરુકુલ માટે પસંદ થયેલ આ ભાગ્યશાળી ૬૩ એકરની વિશાળ ભૂમિ ઉપર ગુરુદેવના ઠાકોરજી શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી, સંતો તથા ધીરુભાઈ બાબરિયા, રાકેશભાઈ દૂધાત આદિ ભક્તજનોએ અભિષેક કરેલ પ્રસાદીના જળનો છંટકાવ કરેલ. નિર્માણાધીન પ્લાનનું નિદર્શન કરેલ.

સંતો ભક્તજનોનું આગમન - પૂર્વ તૈયારી : ભગવાન શ્રીહરિના કોઈ દિવ્ય સંકેતથી કુદરતી હરિયાળી વચ્ચે જોતાં જ ગમી જાય તેવી આ ભૂમિ ઉપર ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં પૂજ્ય ગુરુમહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં વસંત પંચમીના પાવન દિવસે આફ્રિકામાં સૌપ્રથમ વાર થઈ રહેલ આ ગુરુકુલના નિર્માણકાર્યમાં નિમિત્ત બનવા પૂજ્ય મહંતસ્વામી આદિ સહુ સંતો અને સમગ્ર આફ્રિકા અને ભારત આદિ દેશોમાંથી પધારેલ ભક્તજનો સહુ અનેરા ઉત્સાહ અને આનંદમાં હતા. કાર્યકર્તા સંતો અને યુવા ભકતજનોએ ખાતમુહૂર્ત તથા પ્રાસંગિક સત્સંગ સમારોહ માટે ગુરુકુલની ભૂમિમાં ડોમ સભામંડપ અને મંચની સુશોભિત રચના કરેલ.

દાતાશ્રીઓ દ્વારા મહાપૂજન : વસંતપંચમી ખાતવિધિના આ પાવન પ્રસંગે પ્રથમ પ.ભ. શ્રી મગનભાઈ ઠુંમર આદિ સહુ ભક્તજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સજોડે બેસીને ઠાકોરજીનું મહાપૂજન સાથે શિલાપૂજન અને ભૂમિપૂજન કરેલ.

ત્રણ બિલ્ડીંગોનું એકસાથે ખાતમુહૂર્ત : અત્રે ભૂમિદાતા પ.ભ. શ્રી મગનભાઈ ઠુંમર તથા સહયોગી ભક્તજનોની શુભભાવના અને 'ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું' એ શ્રીહરિના વચન અનુસાર અત્રે આફ્રિકા દેશમાં સંતો દ્વારા વિદ્યા, સદ્‌વિદ્યા અને બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિથી સત્સંગના અભયદાનની સેવા સરવાણી વહેલી તકે શરૂ થાય તેવા હેતુથી સ્કૂલ, છાત્રાલય અને સંતઆશ્રમ ત્રણે ભવનોના તા. ૨/૨, વસંતપંચમીએ સવારે ૮:૩૦ વાગ્યે ક્રમશઃ પૂજ્ય સંતો ભક્તજનો દ્વારા વિધિવત્ ખાતમુહૂર્ત થયા. રાજકોટથી પધારેલ પવિત્ર ભૂદેવ શ્રી કિશોરભાઈ દવેએ વૈદિક ષોડશોપચાર સામગ્રીથી પૂજનવિધિ કરાવેલ. સનાતન મંદિરના પૂજારી શ્રી દિવ્યાંગ મહારાજે શ્લોકગાન સાથે સહયોગ આપેલ.

સંતો ભક્તજનોના હસ્તે શિલાપૂજન વિધિ : વાસ્તુશાસ્ત્ર પ્રમાણે સમગ્ર ગુરુકુલ કેમ્પસના તૈયાર કરેલ પ્લાન મુજબ નૈઋત્ય ખૂણામાં સંતઆશ્રમ ભવન સ્થાનકે પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંત સ્વામીના વરદ્ હસ્તે સમગ્ર ગુરુકુલ નિર્માણ

અર્થે પંચામૃત અને સૌભાગ્ય દ્રવ્યોથી શિલાપૂજન અને પાયામાં લોટીનું સ્થાપન થયેલ. આ સાથે નિર્માણકાર્યમાં ઉપયોગી સાધનોનું પણ નાડાછડી અને રક્ષાસૂત્ર બાંધી પૂજન થયેલ. નિર્માણકાર્ય કરાવનાર પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી અને સ્વયંસેવક કાર્યકર્તા ભક્તજનોને પણ કુમકુમના ચાંદલા કરેલ. ઉપસ્થિત અન્ય સંતો અને વરિષ્ઠ ભક્તજનો તથા મહાનુભાવોએ ક્રમશઃ સિમેન્ટ કોંક્રીટનો માલ પાયામાં પધરાવી ભગવાનના જયનાદ સાથે શ્રીફળ વધેરી ખાતવિધિ કરેલ.

સંતઆશ્રમના ખાતમુહૂર્ત બાદ સ્કૂલ, છાત્રાલય ભવન નિર્માણ અર્થે કરાયેલ ભૂમિપૂજન સાથે ખોદાયેલ પાયામાં પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી તથા સહુ ભક્તજનોએ પૂજન કરાયેલ શિલા અને કળશ પધરાવી ખાતવિધિ કરેલ.

શુભ સંકલ્પ અને શુભ ભાવના : આ ખાતમુહૂર્તવિધિ પ્રસંગે દેવતાઓ અને ઈષ્ટદેવના સ્થાપન પૂજન સાથે પૂજ્ય ગુરુ મહારાજ તથા સહુ સંતો ભક્તજનોએ આ નૂતન ગુરુકુલ શાખા નિર્માણનું કાર્ય વહેલી તકે નિર્વિઘ્ન પૂર્ણ થાય અને આ સંસ્થાને યોગે હજારો જીવાત્માઓનું શ્રેય અને પ્રેય થાય એવો અંતરથી સંકલ્પ કરી શુભ ભાવના સેવેલ. અંતમાં આરતી, સ્તુતિ અને ઠાકોરજીના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી પ્રાર્થના કરેલ.

પ્રાસંગિક ખાતવિધિ સમારોહ : ખાતમુહૂર્ત પૂજનવિધિ બાદ સવારે ૧૦ વાગ્યે ઠાકોરજી શ્રીહરિકૃષ્ણ મહારાજ સુશોભિત વેદિકા ઉપર બિરાજ્યા બાદ પૂજ્ય સંતોએ મંચ ઉપર તથા ભક્તજનોએ સભામંડપમાં સ્થાન ગ્રહણ કરેલ. ધૂનસંકીર્તન અને પ્રભુ નામસ્મરણ સાથે સમારોહનો મંગલ પ્રારંભ થયેલ.

શ્રીવાસુદેવ વિમલામૃત ધામવાસં શ્લોકગાન સાથે પૂજ્ય સંતો-મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય થયેલ. પૂજ્ય મહંત સ્વામીએ જનમંગલના મંત્રોચ્ચાર સાથે પુષ્પપાંખડી અને તુલસીપત્રોથી અગ્રપૂજન કરેલ. ભૂમિદાતા શ્રી મગનભાઈ અને ગ્રુપના સર્વે સભ્યોએ પૂજ્ય ગુરુમહારાજ તથા પૂજ્ય મહંતસ્વામીનું પ્રસાદીના પુષ્પહારથી પૂજન કરેલ. અન્ય વરિષ્ઠ ભક્તજનોએ સહુ સંતોનું ક્રમશઃ પૂજન કરેલ.

પ્રાસંગિક પ્રવચનો : ભૂમિદાન લોકાર્પણ સાથે ખાતવિધિના સમારોહ પ્રસંગે અંતરના ઉદ્‌ગારો વ્યક્ત કરતા **પૂજ્ય ગુરુ મહારાજે** જણાવેલ કે આ ભગવાનના રાજીપાનું કાર્ય છે. જેણે જેણે આ કાર્યમાં સહયોગ આપ્યો છે તેને મહારાજ જરૂર તેનું વળતર આપી દેશે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આ ગુરુકુલનું કાર્ય કર્યું છે તે કેવળ સંસ્કાર સાથે શિક્ષણ આપવા માટે કર્યું છે. જો સંસ્કાર સાથે શિક્ષણ મળશે તો તેનું ભાવિ ભવ્ય અને દિવ્ય થશે. આ ગુરુકુલથી અહીંની પ્રજા પણ સત્સંગી બનશે. એક જ હેતુ છે કે ભગવાન અને ભગવાનની ભક્તિ આપણામાં રહે. ભગવાનને પ્રાર્થના છે કે આ કાર્ય સારી રીતે પૂર્ણ થાય અને મહારાજ ખૂબ ખૂબ આગળ વધારે.

પૂજ્ય મહંતસ્વામીએ જણાવેલ કે બધા અવતારો પોતાનું મિશન લઈને પૃથ્વી પર આવતા હોય છે. ભગવાન સ્વામિનારાયણ સત્સંગ દ્વારા અનંત જીવોના આત્યંતિક કલ્યાણ અર્થે પધાર્યા હતા. તે શિક્ષાપત્રીમાં પણ લખ્યું છે કે પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્સુકૃતં મહત્. એ અનુસાર સ્વામિનારાયણ ભગવાન અને તેના મરજીવા સંતોએ માણસોને નિર્વ્યસની કર્યા, મનુષ્યોને સદાચાર સમજાવી આ લોક અને પરલોકમાં કેમ સુખી રહેવું તે સમજાવ્યું. આ ગુરુકુલ કેવલ એજ્યુકેશન કે સંપત્તિ માટે નથી પણ સ્પીરિચ્યાલીટી ડેવલપ કરવા માટે છે. ભગવાન સ્વામિનારાયણના મિશનને આગળ વધારવા અને ધપાવવા માટે આ ગુરુકુલની સ્થાપના થઈ રહી છે.

આ પ્રસંગે ઉપસ્થિત ભારતીય દૂતાવાસ - ડેપ્યુટી હાઇ કમિશ્નર **શ્રી જીતેન્દ્ર નેગીજીએ જણાવેલ કે** ગુરુકુલ તો બનાવી શકીએ પણ તેને ચલાવવા માટે યોગ્ય ગુરુઓની પણ એટલી જ જરૂરિયાત છે જે આ રાજકોટ સંસ્થાન દ્વારા આપણને પ્રાપ્ત થયા છે. આ સાથે તેઓશ્રીએ ગુરુકુલ પરિવારના સભ્યો, દાતાશ્રી તથા ગુજરાતી કમ્યુનીટી દ્વારા યુગાન્ડા દેશમાં થતી સેવાપ્રવૃત્તિ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

વિશ્વધર્મ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી પરેશભાઈ મહેતાએ જણાવેલ કે** આ એક ઐતિહાસિક ઘડી છે. આ ગુરુકુલ એ સંસ્કાર આપવાનું કાર્ય કરી રહ્યું છે. એક આદર્શ માતા સો શિક્ષકની ગરજ સારે પણ એક આદર્શ સંત તો એવી સો માતાની ગરજ સારે છે. આ ધરતી ઉપરની આ એક ઐતિહાસિક ઘટનાના આપણે સાક્ષી બન્યા છીએ. જેમની ઉપર સંતોની કૃપા હોય તે જ ઇતિહાસ રચી શકે. વિકસિત ભારત ત્યારે જ બનશે જ્યારે ભારતની બહાર રહેલા ભારતીયોની અંદર આપણા સંસ્કારોનું સિંચન થતું રહેશે, આધ્યાત્મિક વારસો વિરાસતમાં મળતો રહેશે. સંસ્થાનું આ કાર્ય ભારતને મહાસત્તા બનાવવાનું છે.

આ ઉપરાંત આ પ્રસંગે ગુરુકુલના વરિષ્ઠ ભૂતપૂર્વ વિદ્યાર્થી પ.ભ. શ્રી ધીરુભાઈ બાબરિયા, શ્રી રાકેશભાઈ દૂધાત, શ્રી હિતેશભાઈ જેસાણી, શ્રી પીયૂષભાઈ કોટેચા, શ્રી વસંતભાઈ લીંબાસિયા, શ્રી પુનિતભાઈ ચોવટિયા આદિએ પણ પોતાના અંતરના ઉદ્‌ગારો વ્યકત કરી ધન્યતા અનુભવી હતી.

દાતાશ્રી અને યજમાનોનું સન્માન : આ પ્રસંગે ભૂમિદાતાશ્રી મગનભાઈ ઠુંમર, શ્રી સંદીપભાઈ પટેલ,મિલનભાઈ ડોબરિયા અને આકાશભાઈ ડોબરિયા, જયભાઈ મગનભાઈ ઠુંમર આદિ ગ્રુપના સભ્યો ઉપરાંત આ શાખાના નિર્માણકાર્યના સહાયક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ યુગાન્ડાના ભામાશા સમાન ટોરોરો સિમેન્ટના માલિક અ. નિ. શ્રી હસમુખભાઈ ભુડિયાના સાળા શ્રી દીપકભાઈ સેંઘાણી ઉપરાંત શ્રી મનીષભાઈ વરસાણી, પ્રેમજીભાઈ જેસાણી, શ્રી હિતેષભાઇ જેસાણી, મનસુખભાઇ જેસાણી, જીતુભાઇ સોરઠિયા આદિ કેન્યા તથા યુગાન્ડાથી ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સહુને પૂજ્ય સંતોએ સાફો બાંધી, ખેસ ઓઢાડી સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરેલ.

સંવાહક સંતોને આશીર્વાદ : આફ્રિકા ગુરુકુલના નિર્માણમાં સેવા આપનાર પૂજ્ય ભક્તિવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી અને ગુરુકુલના સંચાલનની જવાબદારી સંભાળનાર શ્રી નંદકિશોરદાસજી સ્વામી અને શ્રી ગુણવત્સલદાસજી સ્વામીને પૂજ્ય ગુરુમહારાજે પુષ્પહાર પહેરાવી અંતરના રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પૂર્ણાહુતિ : અંતમાં બપોરે ૧ વાગ્યે સૌ ભોજનપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા. આ પ્રસંગે કેન્યા તથા યુગાન્ડાના શહેરો અને સ્થાનિક ઝીંઝામાંથી પધારેલ કુલ ૬૦૦ જેટલા ભક્તોએ લાભ લીધેલ. આ સમગ્ર કાર્યક્રમનું સભાસંચાલન શાસ્ત્રી શ્રી શ્રુતિપ્રકાશદાસજી સ્વામી અને શાસ્ત્રી શ્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામીએ કરેલ. સાથે કાર્યકર્તા સંતોએ સર્વ વ્યવસ્થા કરેલ.

આફ્રિકાથી ભારત આગમન : અત્રે ખાતવિધિની પૂર્ણાહુતિ બાદ પૂજ્ય ગુરુમહારાજ અને પૂજ્ય મહંતસ્વામી તેમજ સંતો ભારત પરત આવેલ. તા. ૪/૨ના રોજ મુંબઈથી રાજકોટ પધારેલ પૂજ્ય ગુરુમહારાજનું હિરાસર એરોડ્રામ ઉપર તેમજ ગુરુકુલમાં સંતો ભકતજનો અને વિદ્યાર્થીઓએ વાજતે ગાજતે ભક્તિભાવભર્યું સ્વાગત પૂજન કર્યું હતું.

મહંતસ્વામી અને સંતોની દુબઈ યાત્રા : મુંબઈથી પૂજ્ય મહંતસ્વામી, પૂજ્ય કેશવપ્રિયદાસજી સ્વામી, શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી, સાધુ ધ્યેયસ્વરૂપદાસજી સ્વામી અને સાધુ સાધુસેવકદાસજી સ્વામી એ પાંચ સંતોએ તા. ૪ થી ૯/૨, એમ પાંચ દિવસ સુધી દુબઈ સ્થિત ભક્તજનોના સત્સંગ સમાસ અર્થે અત્રે સત્સંગ વિચરણ કરેલ. અત્રે પ.ભ. ચંદ્રકાંતભાઈ ટાંક, ભૂ.વિ. મહેન્દ્રભાઈ ધંધુકિયા, નીતિનભાઈ દેવાણી, પ્રકાશભાઈ દવે તથા વિપુલભાઈ પટેલ આદિ ભક્તજનોને ત્યાં સત્સંગસભા, સંતોના ઉતારા, ઠાકોરજીના થાળ, પધરામણી આદિ થયેલ. અત્રે સો ઉપરાંત ભક્તજનોએ સંતોના દર્શન સત્સંગનો લાભ લીધો હતો. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ પૂજ્ય મહંતસ્વામી અને સંતો દુબઈથી અમદાવાદ શાંતિગ્રામ સંતશિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. ●

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિએ

સુરત ગુરુકુલને આંગણે ઉજવાએલ

પ્રથમ સદ્‌વિદ્યા મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા 'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા' અનુસાર ગુરુકુલ સંસ્કૃતિને રાજકોટ ગુરુકુલના માધ્યમથી પુનરુદ્ધાર કરનાર પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિ મહાવદ બીજે દરેક ગુરુકુલ શાખાઓમાં સંતો, ભક્તજનો અને વિદ્યાર્થીઓ દ્વારા વિશેષ ભજનભક્તિ અખંડધૂન આદિ અનુષ્ઠાનો દર વર્ષની જેમ શ્રધ્ધાંજલિરૂપે ઠાકોરજીના ચરણોમાં અર્પણ થયા.

ગુરુદેવના આ નિર્વાણદિને દર વર્ષે ગુરુકુલ સંસ્કૃતિની ગરિમા વધારવા ત્રિદિનાત્મક સદ્‌વિદ્યા મહોત્સવ યોજવાનું પૂજ્ય ગુરુમહારાજના આશીર્વાદ સાથે પૂજ્ય મહંત સ્વામીની પ્રેરણાથી પૂજ્ય પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ આ વર્ષે સુરત ગુરુકુલ ખાતે પ્રતિકાત્મકરૂપે પ્રારંભ થયેલ. આ સદ્‌વિદ્યા મહોત્સવ ફેબ્રુઆરી મહિનાની તારીખ ૧૩ થી ૧૫ દરમિયાન યોજાયો હતો. ગુરુવર્ય પૂજ્યપાદ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય મહંતસ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર સદ્‌વિદ્યા મહોત્સવ ધામધૂમથી ભકિતભાવ પૂર્વક ઉજવાએલ. જેમાં માતૃપિતૃ વંદના, ધો. ૧૦ તથા ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓની સમૂહ મહાપૂજા, હોમાત્મક મંત્રયાગ, મોટીવેશન સેમીનાર, રોબોટિક્સ સેમીનાર, સમૂહ યોગ-કરાટે, બાલભવન વાલી-વિદ્યાર્થી ક્રાફટ ફેસ્ટ, વેશભૂષા, સદ્‌વિદ્યા રેલી, મેગા ડ્રોઇંગ ફેસ્ટ, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન, અખંડમંત્રલેખન, વિદ્યાલય વાર્ષિકોત્સવ એમ અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા.

મહોત્સવના મધ્યદિને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિ હોવાથી સંતો, શાળાના વિદ્યાર્થીઓ, ગુરુકુલ પરિવારના પુરુષ તથા મહિલા ભક્તજનોએ ઉપવાસ અથવા ફલાહાર વ્રત કરી ગુરુદેવને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતા.

ભજન અનુષ્ઠાન : છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા ૧૨ કલાક અખંડ મંત્રલેખન, ૬૦ વિદ્યાર્થીઓ દ્વારા ત્રણ દિવસના ઉપવાસ, ૫ વિદ્યાર્થીઓ દ્વારા ધારણાપારણા તથા એકટાણા વ્રત, ૩,૦૦,૦૦૦ મંત્રજાપ, ૨૫૦૦૦ દંડવત્, ૧૫૦૦૦ પ્રદક્ષિણા તથા અનેક વંદું-જનમંગલ-ઓરડેનાં પદ તથા શિક્ષાપત્રી પાઠ, ૧૨ કલાક અખંડધૂન, જનમંગલ યાગનું અનુષ્ઠાન થયેલ. ઉપરાંત કાવડયાત્રા દ્વારા નીલકંઠપ્રભુના થાળ, ભૂલકાઓની સંતો સાથે ગોષ્ઠી, સમૂહ રાસ, સાહિત્ય અને વિશિષ્ટ ગુરુકુલ ટેલેન્ટ ખોજ સ્પર્ધાઓ, ભક્તિનૃત્ય, વક્તૃત્વ તથા સંગીત ગાયન - વાદન સ્પર્ધા આદિ અનેકવિધ કાર્યક્રમોથી વિદ્યા, સદ્‌વિદ્યા અને બ્રહ્મવિદ્યાના સુભગ સમન્વયરૂપ મહોત્સવની મહેક ચહુકોરે પ્રસરી હતી.

સમગ્ર કાર્યક્રમમાં રાજકોટ, જૂનાગઢ, તરવડા, વડોદરા, ભરૂચ, મુંબઈ, નીલકંઠધામ, વર્ણીન્દ્રધામ, નિકોલ, વિદ્યાનગર મોરબી, સુરેન્દ્રનગર, જસદણ વગેરે શાખાથી સંતો તેમજ સુરતસ્થિત પંચખંડ અખાડાના મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી ક્ષિપ્રાગિરિજી મહારાજ તથા મહાનુભાવો શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, શ્રી લાલજીભાઈ પટેલ, શ્રી ધીરુભાઈ કોટડિયા, સુરત જિલ્લા પોલીસ કમિશ્નર શ્રી અનુપસિંહ ગેહલોતજી, શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, શિક્ષણ અધિકારી શ્રી ભગીરથસિંહ પરમાર, અરજણભાઈ ધોળકિયા, રાકેશભાઈ દૂધાત, સુરેશભાઈ ગાબાણી, શિવલાલભાઈ પાંભર તેમજ અન્ય મહેમાનો, સમાજશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ઉત્તર ગુજરાતમાં હિંમતનગરને આંગણે નૂતન ગુરુકુલ શાખાનું ખાતમુહૂર્ત

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લા વિસ્તારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વખતથી સત્સંગનું પ્રવર્તન થયેલું છે. નંદસંતો અને ત્યાર પછી દાસસંતો પરંપરાગત રીતે અદ્યાપિ પર્યંત વિચરણ કરતા રહ્યા છે. સ્વામિનારાયણ મંદિર અમદાવાદ મુખ્ય ગાદીસ્થાનથી પૂજ્ય મહારાજશ્રી અને સંતો દ્વારા ઘણા હરિમંદિરોના નિર્માણ થયાં છે. અત્રે ગુરુકુલ થવાનું મુખ્ય નિમિત્ત તો ઈડર તાલુકાના અરોડા ગામના પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ તથા પૂજ્ય ગુરુમહારાજના કૃપાપાત્ર અક્ષરનિવાસી પ.ભ. શ્રી મોહનબાપા પટેલનું રાજકોટ ગુરુકુલમાં વર્ષો સુધીની ઓફીસ વિભાગની નિષ્કામ સેવા અને સમર્પણ રહ્યું છે.

મોહનબાપાને યોગે પરિવારજનો અને અન્ય ભાવિકો રાજકોટ ગુરુકુલમાં વર્ષોથી યોજાતા બ્રહ્મસત્ર આદિ પ્રસંગોમાં પધારતા રહ્યા છે. છેલ્લાં સાત-આઠ વર્ષથી પૂજ્ય ગુરુમહારાજની આજ્ઞા, પૂજ્ય મહંતસ્વામીની પ્રેરણા અને પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ અત્રે અરોડા, હિંમતનગર આદિ ગામોમાં સુરત ગુરુકુલથી સાધુ વર્ણીસ્વરૂપદાસજી સ્વામી, સાધુ કૃષ્ણવત્સલદાસજી સ્વામી આદિ સંતોએ માસિક સત્સંગસભા આદિકના આયોજન સાથે સત્સંગનું સારું પોષણ કર્યું છે. સને ૧૯૮૨માં પ.ભ. મોહનબાપા નિર્મિત હરિમંદિર જીર્ણ થતાં સને ૨૦૨૨માં અરોડામાં નૂતન મંદિરનું નિર્માણ થયું. આજના જમાનામાં શિક્ષણ સાથે સંસ્કાર જરૂરી બનતા અને રાજકોટ ગુરુકુલની વિકસતી શાખાઓ વિશે સાંભળીને અહીંના પરિવારજનો, ભાવિકો અને સમાજની માગણીથી અત્રે પણ છેલ્લાં ૧-૨ વર્ષથી ભૂમિસંપાદનના પ્રયત્નો થઈ રહ્યા હતા. ભગવદ્ ઈચ્છાથી હિંમતનગરથી ૬ કિ.મી. ના અંતરે હાંસલપુર ગામે નૂતન ગુરુકુલ માટે પંદરેક વિઘા ભૂમિ સંપાદન થઈ. તા. ૩૧/૧૨ ના રોજ અત્રે પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી અને સંતોએ ઠાકોરજી સાથે ભૂમિપ્રવેશ અને મહાપૂજન કરેલ.

શુભ મુહૂર્ત અને સંયોગ સાંપડતા અત્રે તા. ૯/૨/૨૦૨૫ ના રોજ પૂજ્યપાદ ગુરુમહારાજના વરદ હસ્તે તથા પૂજ્ય નારાયણપ્રસાદદાસ સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય ભક્તિવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામી આદિક ૬૦ સંતો, કેટલાક સામાજિક-રાજકીય અગ્રણીઓ અને ૧૨૦૦ જેટલા ભાવિક ભક્તજનોની ઉપસ્થિતિમાં સવારે ૯ થી ૧૨ દરમિયાન સત્સંગ તથા ભૂમિ લોકાર્પણ સમારોહ સાથે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થયેલ. આ પ્રસંગે પૂજ્ય સંતોના સત્સંગ પ્રવચનો, આશીર્વચનો અને ભૂમિદાન સેવા સહયોગીઓનું સન્માન તથા વડોદરા ગુરુકુલના વિદ્યાર્થીઓના સ્વાગત નૃત્ય આદિ કાર્યક્રમ અને અંતમાં ભોજનપ્રસાદ સાથે સમારોહ સંપન્ન થયેલ.

આ પ્રસંગે રાજદ્વારેથી હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલા સાહેબ, શિક્ષણ સચિવ સમીરભાઈ પટેલ, બાબુલાલ રાજપુરોહિત, મહેશભાઈ પટેલ વાપી વગેરે ભક્ત-જનો અને સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ભૂદેવ શ્રી કિશોર મહારાજ તથા અશોક મહારાજે વેદોક્ત વિધિપૂર્વક ભૂમિપૂજન કરાવ્યું હતું. ખાતમુહૂર્ત ઉપક્રમે ભૂમિદાન અને નિર્માણકાર્યના દાતાશ્રીઓ દ્વારા સમૂહમાં ૧૦૮ ઈષ્ટિકા પૂજનનું આયોજન થયેલ. ખાતમુહૂર્ત ઉપક્રમે તા. ૧૬ થી ૧૮ સ્વામિનારાયણ મહામંત્ર યાગ યોજાએલ. આ નૂતન શાખા માટે હિંમતનગર, અરોડા, રાજપુર, ગોકુલપુરા, મોડાસા, અરવલ્લી, કડી આદિ અનેક વિસ્તારોના ભાવિક ભક્તોનો ભૂમિદાનમાં આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. અત્રે હાલ નિર્માણકાર્યમાં પુરાણી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ સાધુ હરિકૃષ્ણદાસજી સ્વામી આદિ સંતો સેવા બજાવી રહ્યા છે. આ પ્રસંગે પૂજ્યપાદ ગુરુમહારાજ અને પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના સંસ્થા નિર્માણ હેતુ તેમજ સત્સંગ પ્રવચનનું શ્રવણ કરીને સહુએ ધન્યતા અનુભવી હતી. •

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન પરિવારના સંતોની ૨૦મી ધર્મજીવન સંતશિબિર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના સંતોના અધ્યાત્મ પોષણાર્થે દર વર્ષે બે શિબિરો યોજાતી હોય છે. જુદા જુદા સ્થાનોમાં યોજાતી બીજી આ વર્ષની ફરતી શિબિર નિર્માણાધીન નૂતન શાખા શાંતિગ્રામ (અમદાવાદ) ગુરુકુલને આંગણે તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન યોજાએલ. અત્રે નવનિર્મિત ૧૨ માળના વિશાળ બિલ્ડીંગનો એક ભાગ તૈયાર થતા તેમાં સંતોના ઉતારા અને ઓટીએસની ખુલ્લી જગ્યામાં શિબિરના કાર્યક્રમો થયેલ. નીચે સેલારની જગ્યામાં ભોજનપ્રસાદની વ્યવસ્થા ગોઠવાયેલ. પુરાણી શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ અત્રે સેવારત સંતો અને સ્વયંસેવક ભક્તજનોએ ઉત્સાહ અને મહિમાથી કેટલાક મહિના પૂર્વેથી આ સર્વે તૈયારી અને સુવ્યવસ્થા કરેલ.

આ શિબિરમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય ઉપસ્થિતિમાં ગુરુદેવના ઠાકોરજી શ્રીહરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને પૂજ્યપાદ મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ આ સંત શિબિર સુચારુ રીતે સંપન્ન થયેલ.

આ શિબિરમાં સંતોમાં પરસ્પર આત્મીયતા, સંસ્થાગત કાર્યશીલતા અને વ્યકતિગત જીવનમાં સાધુતા, આ ત્રણ મૂલ્યો વિકસતા રહે તે માટે વડીલ અને વિદ્વાન સંતો દ્વારા કાર્યકર્તા સહુ સંતોને સેમીનાર, સત્સંગ પ્રવચન તથા પ્રશ્નોત્તરી દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ. આ સાથે સંતદર્શન-પૂજનના નીચેના બે કાર્યક્રમો પણ સંપન્ન થયેલ. •

અમદાવાદ શાંતિગ્રામ તથા નિકોલ ગુરુકુલમાં યોજાએલ સંતસમૂહ દર્શન તથા પૂજનોત્સવ

શાંતિગ્રામ(અ'વાદ) : અત્રે સંત શિબિરના દ્વિતીય દિવસે સાંજે આ વિસ્તારના તથા અત્રે નિર્માણકાર્યમાં સેવા સહયોગી દાતા ભક્તજનોને દર્શન તથા પૂજનનો લાભ મળે તે હેતુથી તા. ૧૧/૨ ના રોજ સાંજે ૬ થી ૮ શાકોત્સવ ભોજનપ્રસાદ અને ૮ થી ૧૦ સત્સંગ સભા યોજાએલ. આ પ્રસંગે ઉપસ્થિત ૧૫૦૦ ભક્તજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ બસ્સો જેટલા સંતોના દર્શન પૂજન અને સત્સંગ આશીર્વચનનો લાભ લીધેલ, જેના શ્રવણથી સહુ કોઈએ ધન્યતા અનુભવેલ.

આ પ્રસંગે પૂજ્ય ગુરુમહારાજના વરદહસ્તે ૭ કોલેજીયન વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપીને નવા સત્ર માટે એડમીશનનો મંગલ પ્રારંભ થયેલ. (વિગત પેજ નં. ૩૬) ઉપરાંત ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ધીરુભાઈ બાબરિયા, શ્રી કાંતિભાઈ ગઢિયા, શ્રી પ્રવીણભાઈ દેસાઈ વગેરે ભક્તોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર સમારોહના મુખ્ય યજમાનપદે શ્રી રમેશભાઈ મેશિયા પરિવારે લાભ લીધેલ. •

નિકોલ (અ'વાદ) : સંત શિબિરના તૃતીય દિવસે નિકોલ બાપુનગર વિસ્તારના ભક્તજનોને સંતોના દર્શન, પૂજન અને આશીર્વચનનો લાભ મળે તે માટે તા. ૧૨/૨ના રોજ રાત્રે ૮ થી ૧૦ દરમિયાન અત્રે ગુરુકુલ નજીકની ખુલ્લી જગ્યામાં સંત પૂજનોત્સવ અને સત્સંગસભા સંપન્ન થયેલ.

સંચાલક શાસ્ત્રી યોગેશ્વરદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ બપોરે ૨:૩૦ વાગ્યાથી યુવક મંડળના ભકતજનોએ ૬૦ જેટલી ફોર વ્હીલ કાર રેલી દ્વારા સંતોની ઠાકોરજી સાથે શોભાયાત્રા યોજીને નિકોલ ગુરુકુલમાં સંતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ તથા ભક્તજનોએ વાજતે ગાજતે સ્વાગત કરીને પુષ્પપાંખડીથી વધામણા કરેલ. ઠાકોરજીના દર્શન કરીને સંતો સાંજે ૪ થી ૬ દરમિયાન શિબિરના અંતિમ સેશનમાં જોડાયા હતા. સંધ્યા આરતી સ્તુતિ બાદ ભક્તજનોએ સંતભોજનપંક્તિના દર્શનનો લાભ લીધો હતો. રાત્રે વિશેષ પૂજનોત્સવમાં ૨૫૦૦ ઉપરાંત પુરુષ મહિલા ભક્તજનોએ દર્શનનો લાભ લીધેલ. •

વસંતપંચમીએ શિક્ષાપત્રીના પૂજન અનુષ્ઠાન સાથે ગુરુકુલ શાખાઓમાં ઉજવાએલ પાટોત્સવ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે ઋતુઓમાં વસંત એ મારું સ્વરૂપ છે. ભગવાન સ્વામિનારાયણે પણ વસંતપંચમીના અનેક સમૈયા યોજીને આ ઋતુનો મહિમા વધાર્યો છે. મહા સુદ ૫, વસંત પંચમી એ સરસ્વતી પૂજનનો દિવસ છે તો સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીનો જન્મ દિવસ પણ છે. એથી પણ વિશેષ ભગવાન સ્વામિનારાયણે પોતાના અવતરણ હેતુ સ્વરૂપ માનવજાતને આપેલ ભેટ શિક્ષાપત્રીની જયંતીનો પરમ પવિત્ર દિવસ છે. સહુના જીવનમાં વસંત લાવતો શિક્ષાપત્રીના 'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભૂવિ યત્સુકૃતં મહત્' શ્લોકનું મૂર્ત સ્વરૂપ રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુલની સ્થાપના કે ઉદ્‌ઘોષણા પણ સને ૧૯૪૮માં રાજકોટ દાણાપીઠના જૂના મંદિરમાં પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આ દિવસે કરી હતી.

રાજકોટ ગુરુકુલ શાખાઓમાં આવી કેટલીક પાવન સ્મૃતિઓ સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજ્ય સંતો, ભક્તજનો અને વિદ્યાર્થીઓએ વિશેષ સત્સંગ સભામાં શ્રીહરિ સ્વરૂપ શિક્ષાપત્રી ગ્રંથનું પુષ્પપાંખડી અને તુલસીપત્રોથી જનમંગલ મંત્રોચ્ચાર સાથે પૂજન અને આરતી કરેલ. બે સંતો દ્વારા શિક્ષાપત્રી શ્લોકોનું સંસ્કૃતમાં સમૂહ ગાન કરીને ગ્રંથ અનુષ્ઠાન થયેલ.

આ સાથે આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ભક્તજનો માટે ઓનલાઈન ક્વીઝ થયેલ. ગુરુકુલ શાખાઓમાં વિદ્યાર્થીઓ વચ્ચેની રસાકસીભરી પ્રશ્નોત્તરીએ સહુને જાગૃત કરી આજ્ઞા પાળવાનું પ્રેરણા બળ પૂરું પાડેલ. પૂજ્ય સંતોની પ્રેરણાથી કેટલાક ભક્તજનો અને વિદ્યાર્થીઓએ સ્વહસ્તે સારા અક્ષરે સંપૂર્ણ શિક્ષાપત્રીનું લેખન કરેલ.

રાજકોટ ગુરુકુલમાં ઉજવાએલ પટમૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૨ મો પાટોત્સવ

અત્રે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને દિવ્ય સ્વરૂપે દર્શન આપનાર ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચિત્ર પ્રતિમા સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો વસંત પંચમીનો આ બાવનમો પાટોત્સવ તા.૨/૨/૨૦૨૫ રવિવારે શિક્ષાપત્રી ગ્રંથના અનુષ્ઠાન પૂજન સાથે ભક્તિભાવપૂર્વક ઉજવાએલ.

સત્સંગ મંડળના પુરુષ અને મહિલા મંડળના ભક્તજનો દ્વારા પૂજ્ય જ્ઞાનજીવનદાસજી સ્વામી ને સાધુ ધર્મકિશોરદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ તૈયાર કરેલ અન્નકૂટનું નિવેદન થયેલ. યજમાન ભક્તજનોએ ઠાકોરજીનું મહાપૂજન કરેલ.

સુરત : ગુરુકુલ પ્રાંગણમાં વિશાળ પ્રતિક સ્વરૂપ શિક્ષાપત્રીના સ્થાપન, પૂજન અને આરતી સાથે કળશ મંદિરમાં બિરાજીત શ્રીનીલકંઠ પ્રભુનો ત્રીજો પાટોત્સવ અભિષેક અન્નકૂટના નિવેદન સાથે પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીની પાવન ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક ઉજવાએલ.

જ્ઞાનબાગ(જૂનાગઢ) ગુરુકુલમાં બિરાજીત શ્રીઘનશ્યામ મહારાજના પંચમ પાટોત્સવની ઉજવણી

અત્રે બિરાજતા ધર્મનંદન શ્રીઘનશ્યામ મહારાજના પંચમ પાટોત્સવ વસંતોત્સવ સાથે પૂજ્ય સંતો, ભક્તજનો અને વિદ્યાર્થી દ્વારા વિવિધ પૂજન, અભિષેક અને અન્નકૂટના નિવેદન સાથે ભક્તિભાવપૂર્વક ઉજવાએલ. આ પ્રસંગે ત્રિદિનાત્મક ભક્તચિંતામણિ યજ્ઞ તથા શિક્ષાપત્રી અનુષ્ઠાન તેમજ કાળવા ચોક ગુરુકુલ ખાતે બે દિવસ રાત્રિ વ્યાખ્યાનમાળા યોજાએલ.

અભિષેક માટે જૂનાગઢ ગુરુકુલમાં આવેલ પ્રસાદીભૂત વાવથી જળયાત્રા થયેલ. સાંજે વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કારમંચ યોજાએલ, જેમાં પંચવ્યાયામ દાવ, સ્કેટિંગ ડાન્સ તથા દેશભક્તિ નૃત્ય, પિરામીડ નૃત્ય આદિ કાર્યક્રમો રજૂ થયેલ.

સવારની અને સાંજની સભામાં પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય પૂજારી ઘનશ્યામજીવનદાસજી સ્વામી, શાસ્ત્રી હરિનારાયણદાસજી સ્વામી, શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી આદિ સંતોએ સત્સંગ કથાવાર્તા સાથે આશીર્વચન પાઠવેલ. •

ગુરુકુલ શાખાઓમાં પૂજ્ય સંતો દ્વારા શ્રીજીલીલા સ્મૃતિ સાથે યોજાએલ શાકોત્સવ

નવસારી : અત્રે નવાગામ સ્થિત શ્રી ધર્મજીવન સંત પાઠશાળા અને સાંસ્કૃતિક ગૌધામયુક્ત સ્વામિનારાયણ ગુરુકુલમાં આ વર્ષે બાવીસમો શાકોત્સવ તા. ૨૨/૨/૨૦૨૫ ના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન પૂજ્ય પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી અને પૂજ્ય શ્રી ભક્તિવલ્લભદાસજી સ્વામી તથા શાખા ગુરુકુલમાંથી પધારેલ સંતોના સાંનિધ્યમાં રંગેચંગે સંપન્ન થયેલ. પાઠશાળાના સંચાલક સાધુ જગતપાવન-દાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ વિદ્યાર્થીસંતોએ નાની મોટી સર્વે સેવા બજાવેલ. ભંડારી જગવંદનદાસજી સ્વામી અને સ્વયંસેવક ભક્તજનોએ શાકોત્સવ ભોજનપ્રસાદ તૈયાર કરેલ. શાસ્ત્રી હરિમુકુંદદાસજી સ્વામીએ ઉત્સવના યજમાનશ્રીઓ તથા નવસારી સીટી તથા ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત સચિન, વાપી, વલસાડ, ચીખલી આદિથી પધારેલ ભક્તજનોની આગતા સ્વાગતા સાથે સેવા સરભરા કરેલ.

આ ઉત્સવ પ્રસંગે સંતોના સત્સંગ પ્રવચન અને સુરત ગુરુકુલના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ૫૫૦૦ ઉપરાંત ભાવિક ભક્તજનો તથા આમંત્રિત મહાનુભાવોએ ભોજનપ્રસાદ લીધેલ. ..... બોટલ રકતદાન થયેલ.

સેવાલિયા : ખેડા જિલ્લાના આ ગામે સ્વા. મંદિરના ૧૭મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન અંતર્ગત નારાયણ ગીતાની તા. ૬થી ૮/૨ દરમિયાન ત્રિદિનાત્મક કથા યોજાએલ. શાસ્ત્રી મંગલસ્વરૂપદાસજી સ્વામી અને શાસ્ત્રી નીલકંઠચરણદાસજી સ્વામીએ સંકીર્તન ગાન સાથે ભગવાન શ્રીહરિનો ધર્મોપદેશ અને ચરિત્રો વર્ણવેલ. વડતાલથી પૂજ્ય મહારાજશ્રી તથા વડીલ સંતો પધારી આશીર્વચન પાઠવેલ. સંતો દ્વારા પાટોત્સવની વિધિવત્ ધામધૂમથી ઉજવણી થયેલ.

એભલવડ : ઊના પંથકના આ ગામે હસમુખભાઈ મનજીભાઈ સાવલિયાના યજમાનપદે આનંદગઢ ગુરુકુલથી સંતોની ઉપસ્થિતિમાં પુરાણી સર્વજ્ઞદાસજી સ્વામીના વક્તા પદે તા. ૧૫ થી ૧૭/૨ દરમિયાન ત્રિદિનાત્મક સત્સંગ વ્યાખ્યાનમાળાનો ૩૦૦ ભાવિકોએ લાભ લીધેલ.

ભરૂચ : અત્રે નૂતન ગુરુકુલ શાખાની જગ્યામાં પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૨૬/૧ સાંજે ૬ થી ૮ વાગ્યા દરમિયાન શ્રી નીલકંઠ મિત્રમંડળ ભરૂચ તથા અંકલેશ્વરના યજમાનપદે શાકોત્સવ યોજાએલ. શાસ્ત્રી અચલજીવનદાસજી સ્વામી તથા શાસ્ત્રી દેવપ્રકાશદાસજી સ્વામીએ વિશેષ સત્સંગ કથાવાર્તાનો લાભ આપેલ. સંચાલક ભંડારી સાધુ આત્મપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ સ્વયંસેવક યુવકોએ સર્વ સેવા બજાવેલ. આ પ્રસંગે ભરૂચ ઉપરાંત વડોદરા, અંકલેશ્વર, નર્મદા તથા આસપાસ ગામના ૧૨૦૦ ભાવિક ભક્તજનોએ ભોજનપ્રસાદ લીધેલ.

એટલાન્ટા : અમેરિકા સ્થિત ગુરુકુલમાં તા. ૧૫/૨ના રોજ યોજાએલ શાકોત્સવમાં શાસ્ત્રી મુકુંદસ્વરૂપદાસજી સ્વામી, સાધુ મુક્તજીવનદાસજી સ્વામીની પ્રેરક ઉપસ્થિતમાં સત્સંગ કથાવાર્તા અને બાળકોના કાર્યક્રમ સાથે ૩૪૫ જેટલા પુરુષ મહિલા ભક્તજનોએ શાકોત્સવ ભોજનપ્રસાદ લીધેલ. તેવી જ રીતે ફીનીક્સ ગુરુકુલમાં તા.૯/૨ અને સ્પ્રિંગફિલ્ડમાં તા. ૧/૨ તથા શિકાગો ગુરુકુલમાં ૧૫/૨ના રોજ શાકોત્સવ યોજાએલ.

લોસ એન્જેલસ : ગુરુકુલમાં તા. ૧૫ થી ૧૭/૨ બાલ સંસ્કાર શિબિર પૂજ્ય નીલકંઠદાસજી સ્વામી, સાધુ શાંતિપ્રિયદાસજી સ્વામી, સાધુ હરિનિવાસદાસજી સ્વામી અને શાસ્ત્રી સત્યસંકલ્પદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં 'પાવર ઓફ ધર્મ' અંતર્ગત કાર્યકર્તા યુવા ભક્તજનો દ્વારા સંપન્ન થયેલ.

રતનપર(રાજકોટ) : આ ગુરુકુલમાં પૂજ્ય નારાયણપ્રસાદ-દાસજી સ્વામી અને સંતોના સાંનિધ્યમાં પ.ભ. શ્રી નિમિષભાઈ મુંગરા સાહેબના યજમાનપદે ૪૦૦ જેટલા પુરુષ મહિલા ભક્તજનોએ શાકોત્સવ ભોજનપ્રસાદ સાથે સત્સંગ કથાવાર્તા, રાસ સંકીર્તનનો દિવસભર લાભ લીધો હતો.

વાશી (નવી મુંબઈ) : ગુરુકુલ ઉપક્રમે તા. ૧૬/૨ના રોજ ગુરુકુલમાં તથા તા. ૯/૨ના રોજ ઘાટકોપર કેશવબાગ હોલમાં સત્સંગ જ્ઞાનસરિતા સભામાં શાસ્ત્રી વિરક્તજીવનદાસજી સ્વામી અને પુરાણી સર્વજ્ઞદાસજી સ્વામીએ કથાવાર્તા કરેલ.

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિએ ગુરુકુલ શાખામાં થયેલ ભજનભક્તિ

ભગવાનના અવતારો અને સંતપુરુષોનું અવતરણ દિવ્ય અને કાલાતીત હોય છે. તેઓના જન્મ અને નિર્વાણદિન એ શુભકાળમાં પરિવર્તિત થાય છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ મહાવદ બીજે અક્ષરધામમાં સીધાવેલ ત્યારે રાત્રે ૯:૩૫ મિનિટે તેમના આસન સામેની થંભી ગયેલ ઘડિયાળ આજે પણ તેની સાક્ષી પૂરે છે. આવા પૂજ્ય ગુરુદેવને શ્રદ્ધાંજલિ અર્પવા તેમને ભગવાનનું ભજન ખૂબ વહાલું હોવાથી દેશ-વિદેશ સ્થિત ગુરુકુલ શાખાઓમાં અનુયાયી સંતો, ભક્તજનો અને વિદ્યાર્થીઓ દ્વારા વિશેષ ભજન, અનુષ્ઠાન અને ગુણાનુવાદ સભા યોજાય છે. આ વર્ષે પૂજ્ય સ્વામીની ૩૭મી પુણ્યતિથિ તા. ૧૪/૨ના રોજ ગુરુકુલ શાખાઓમાં સદ્‌વિદ્યા મહોત્સવની નૂતન સંકલ્પના સાથે નીચે મુજબ વિશેષ ભજન, અનુષ્ઠાન થયેલ.

રાજકોટ : ગુરુકુલમાં સવારે નિત્ય સત્સંગ સભામાં શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામીએ ગુરુદેવના ગુણોનું શ્રવણ કરાવેલ. પૂજ્ય સ્વામીજીના અગ્નિસંસ્કાર સ્થાનકે વેદિકાએ પૂજ્ય સંતો ભક્તજનોએ પધારી સ્તુતિગાન સાથે પુષ્પાંજલિ અર્પણ કરી દંડવત્ પ્રણામ કરેલ. સાયંસભામાં વિદ્યાર્થીઓને પૂજ્ય સ્વામીજીના અંતિમ દર્શનનો વીડિયો બતાવવામાં આવેલ.

પૂજ્ય સ્વામીજીના આસને ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ તથા ભક્તજનોએ મંત્રલેખન, દંડવત્ સાથે ૨૪ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂન આદિ અનુષ્ઠાન કરેલ.

જૂનાગઢ : અત્રે કાળવાચોક અને જ્ઞાનબાગ એમ બંને ગુરુકુલ શાખામાં સ્વામિનારાયણ મહામંત્રના લેખન સાથે સંતો વિદ્યાર્થીઓ દ્વારા ૧૨-૧૨ કલાકની અખંડધૂન થયેલ.

તરવડા : ગુરુકુલ પ્રાંગણમાં સાંજે એક સાથે ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સમૂહમાં ગુરુદેવના ગુણાનુવાદનું પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી આદિ સંતો દ્વારા શ્રવણ કરેલ. પૂજ્ય સંતો દ્વારા થયેલ પૂજનના દર્શનનો લાભ લીધેલ. વિદ્યાર્થીઓ એ શણગારેલ છાત્રાલય રૂમમાં સંતોએ ઠાકોરજી સાથે પધરામણી કરેલ. દરેક રૂમના વિદ્યાર્થીઓએ ૩૭ મિનિટની સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂન કરેલ.

વડોદરા : વરણામા ગુરુકુલમાં સંતો-વિદ્યાર્થીઓ દ્વારા ૨૪ કલાક અખંડ મંત્રલેખન અને દંડવત્‌નું અનુષ્ઠાન થયેલ.

હૈદરાબાદ : દક્ષિણભારત સ્થિત હૈદરાબાદ, બેંગ્લોર આદિક શાખાઓમાં અખંડધૂન અને મંત્રલેખન થયેલ.

અમેરિકા : અત્રે ડલાસ, ન્યુજર્સી, કેલિફોર્નિયા ગુરુકુલમાં વીકેન્ડમાં ૧૨-૧૨ કલાકની અને શિકાગો, સ્પ્રિંગફીલ્ડ, કેનેડા આદિ ગુરુકુલમાં સંતો ભક્તજનો દ્વારા સ્વામિનારાયણ મહામંત્રની ૬-૬ કલાકની અખંડધૂન થયેલ.

તેવીજ રીતે સંસ્થાની નર્મદા, વિદ્યાનગર, નિકોલ(અ'વાદ) ભાયાવદર, મોરબી, ત્રંબા, રામપર, જામનગર, રતનપર આદિ ગુરુકુલ શાખાઓમાં પણ ૧૨ કે ૬ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂન અનુષ્ઠાન સંતો વિદ્યાર્થીઓએ કરેલ.•

ગુરુકુલ શાખાઓમાં પૂજ્ય સંતો ભક્તજનો અને વિદ્યાર્થીઓ દ્વારા તપવ્રત સાથે માઘસ્નાન પૂર્ણાહુતિ

હિન્દુ વૈષ્ણવ પરંપરામાં પોષ સુદ ૧૫ થી મહા સુદ ૧૫ એક મહિનાનો આ સમયગાળો માઘ માસ તરીકે ઓળખાય છે. શિયાળાના આ સમયમાં વહેલી સવારે સમુદ્ર, નદી, તળાવ કે કૂવા, વાવ કે પછી ખુલ્લા રાતભર ભરી રાખેલા માટલાના ઠંડા પાણીથી સ્નાન કરવાનો મોટો મહિમા છે. આ સાથે જપતપ વ્રતનું અનુષ્ઠાન પણ સાધક સંતો ભક્તજનો કરતા હોય છે.

રાજકોટ ગુરુકુલ શાખાઓમાં ૮૦ ઉપરાંત સંતોએ માઘ સ્નાન સાથે ચાંદ્રાયણ, ધારણાપારણા આદિક વ્રતનું અનુષ્ઠાન કરેલ. સંતોની પ્રેરણાથી ગુરુકુલની નૈમિષારણ્યરૂપ તીર્થ ભૂમિમાં વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં માઘસ્નાન કરેલ.

રાજકોટ-૬૦૦ વિદ્યાર્થી, સુરત-૧૫૦, તરવડા-૬૦૦, વડોદરા-૨૦૦, જ્ઞાનબાગ-૨૩૦, મોરબી-૫૦, જામનગર-૨૦૦, ત્રંબા-૧૫૦ આદિ શાખાઓમાં કુલ-૩૬૪૦ વિદ્યાર્થી

રાયપુર(છત્તીસગઢ) : નૂતન પ્રાર્થનામંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજનું સ્થાપન પૂજન

અત્રે ગુરુકુલ શાખામાં ૨૦૧૨થી વિદ્યાર્થીઓ સંતોના સાંનિધ્યમાં વિદ્યાભ્યાસ સાથે સત્સંસ્કારો મેળવી રહ્યા છે. હાલ અત્રે ૧૦ રાજ્યોના ૬૦૦ વિદ્યાર્થીઓ છાત્રાવાસ સાથે અંગ્રેજી માધ્યમમાં સીબીએસઈ શિક્ષણ મેળવી રહ્યા છે. આ વિદ્યાર્થીઓને નિત્ય દર્શન પ્રાર્થના આરાધના અર્થે તૈયાર થયેલ નૂતન છાત્રાલય સાથેના પ્રાર્થનામંદિરમાં કલાકૃતિસભર કાષ્ઠ સિંહાસનમાં તા. ૩૧/૧ના રોજ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિની વૈદિક શ્લોકગાન સાથે વિવિધ પૂજન સામગ્રી અર્પણ કરી વિધિવત પ્રતિષ્ઠાવિધિ પૂજ્ય સંતો દ્વારા થયેલ.

આ પ્રસંગે પ્રાતઃકાળે પૂજ્ય સંતો, વિદ્યાર્થીઓ અને સ્ટાફના સર્વે સભ્યોએ સમૂહ મહાપૂજન કરેલ. તા. ૩૦/૧ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા યજ્ઞમાં યજમાનશ્રી દ્વારા દેવતાઓના સ્થાપન પૂજન સાથે જવ, તલ, ઘી આદિથી આહૂતિ અર્પણ થયેલ. સાંજે વિદ્યાર્થીઓની બેન્ડપાર્ટી દ્વારા વાજતે ગાજતે શ્રીઘનશ્યામ મહારાજની નગરયાત્રા અને જળયાત્રા યોજાએલ.

સુરત ગુરુકુલથી પધારેલ પૂજ્ય દિવ્યચરણદાસજી સ્વામીની પ્રેરણાથી શાસ્ત્રી કિશોર મહારાજે એ સર્વે વેદવિધિ અને યજ્ઞયાગ કરાવેલ. પૂજ્ય શાસ્ત્રી કૃષ્ણચરણદાસજી સ્વામી અને શાસ્ત્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી અને સાધુ મુક્તવલ્લભદાસજી સ્વામી આદિ સંતો શ્રીઘનશ્યામ મહારાજ

અને ચિત્રપ્રતિમા સ્વરૂપ શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રીલક્ષ્મીનારાયણ દેવની અંગન્યાસવિધિ અને પ્રતિષ્ઠાવિધિમાં જોડાયેલ. આ સાથે વાલીશ્રીઓ દ્વારા અન્નકૂટ નિવેદન થયેલ.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ૫૧ કલાકની અખંડધૂન, ૫,૦૯,૮૩૨ દંડવત્, ૬૪,૪૧૮ માળા, ૨૮ વિદ્યાર્થીઓએ સાત દિવસ ચાંદ્રાયણવ્રત, ૩૦ વિદ્યાર્થીઓએ ત્રણ દિવસના ઉપવાસ, ૨૨ વિદ્યાર્થી ચોખા એકટાણા, ૨ વિદ્યાર્થી સાત દિવસ ઉપવાસ આદિ તપવ્રત કરેલ.

ઘનશ્યામ મહારાજની મૂર્તિ તથા સિંહાસનના યજમાનપદે ભૂ.વિ. ભાવેશભાઈ પેથાણી, ગાંધીનગર અને રાધાકૃષ્ણની મૂર્તિના યજમાન વિ. કિશન ઓમપ્રકાશ સોની બાલાજી જ્વેલર્સ બેરલા ઉપરાંત અન્ય નાની-મોટી સેવામાં કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓએ લાભ લીધેલ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પ્રેરિત શ્રી પ્રેમવતી મહિલા સંસ્કાર મંદિર દ્વારા સત્સંગ પ્રવૃત્તિ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન ઉપક્રમે પ્રેમવતી મહિલા સંસ્કાર કેન્દ્રો સુરત, મુંબઈ, નર્મદા, કેશોદ, વર્ણીન્દ્રધામ, ઊના, રાજકોટ, જસદણ વગેરે કાર્યરત છે. આ મંડળોના સાંખ્યયોગી બહેનો દ્વારા જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં કથાવાર્તાના આયોજન સાથે થયેલ સત્સંગ સેવા પ્રવૃત્તિની વિગત નીચે મુજબ છે.

* મહિલાસભા - ૯૧ * યુવતીસભા-૨૦ * કિશોરીસભા-૧૧ * બાલિકાસભા-૧૮૫ * એકાદશીસભા-૩૨ * મહાપૂજા-૨૫૩ * પધરામણી-૧૪૬ * વર્તમાન ધારણ-૮૬ * પૂજાપેટી-૦૩ * કીર્તનભક્તિ-૨૫ * શિક્ષાપત્રી જયંતી પૂજન * માઘસ્નાન

આ ઉપરાંત **પ્રેમવતી કેન્દ્ર :** વિદેશ સભા-૪,(ઝૂમસભા-૧) સામૂહિક માઘસ્નાન પૂર્ણાહુતિ-૩ બસ, **અક્ષરધામ કેન્દ્ર :** માઘસ્નાન પૂર્ણાહુતિ (મહિલા) - બે બસ, **મોટા વરાછા :** શિક્ષાપત્રી પાઠ- ૧૦૮, મહામંત્ર યજ્ઞ-૧૨ કલાક, ધૂન-૧૫ કલાક, નિત્ય પ્રાતઃ કથા-સત્સંગિજીવન, નિત્ય સાયં કથા-હરિલીલામૃત. **મુંબઈ (વાશી ગુરુકુલ) :** ઘનશોલીથી વાશી ગુરુકુલ પદયાત્રા-૨૫ શાકોત્સવ-૬, મહામંત્ર ધૂન-૫૧ કલાક **ઊના :** દર એકાદશીએ મહામંત્ર ધૂન-૨ કલાક, ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે : સામૂહિક મહાપૂજા, મંત્રલેખન-૬ કલાક. **જસદણ :** એકાદશીએ હોમાત્મક કલ્યાણ મંત્ર મહાયાગ - ૨ (૧૦ કલાક), ભક્તચિંતામણિ યજ્ઞ-૧, ગુરુદેવની ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે : મંત્રલેખન- ૨૪ કલાક, ઓરડા પદગાન પાઠ-૧૦૮, વંદુંના પાઠ-૧૦૮, હરિસ્મૃતિ (જીવનજાણું છું.)-૫૧ પાઠ, પ્રદક્ષિણા-૫૦૦૦, મંત્રજાપ-૧,૨૫૦૦૦, ચૂડા ગામે પાટોત્સવ.

રાજકોટ : તા. ૨૨/૧/૨૫ હરિસ્મરણ ઝોન શાકોત્સવ, તા. ૨૬/૧ મહિલા આધ્યાત્મિક સેમીનાર નિકોલ-અમદાવાદ, તા. ૯/૨ના રોજ ઝોન સભા શાકોત્સવ, ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે ૧૨-કલાક ધૂન તથા મંત્રલેખન, તા.૧૬/૨ ધોરણ ૧૦-૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થીનીઓની સમૂહ મહાપૂજા, વૃદ્ધાશ્રમ અને અંધમહિલા વિકાસગૃહમાં પ્રસાદ વિતરણ, આદિનારાયણ કથા-૧,વિદેશ સભા-૩, ભક્તચિંતામણિ-૫ પાઠ

અક્ષરવાસ નોંધ

વડતાલ : અત્રે ખાનદેશી વિદ્વાન સંત શાસ્ત્રી બળદેવપ્રસાદદાસજી સ્વામી ગુરુ શાસ્ત્રી કૃષ્ણ-સ્વરૂપદાસજી સ્વામી, ઉં.વ. ૮૩ તા. ૫/૨ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓ સ્વભાવે નિખાલસ, નિર્માની અને સારા કથાકાર સંત હતા. તેમના ગુરુ પણ ખાનદેશી સાહિત્ય સર્જક હતા.



દ્વારકા : અત્રે જૂનાગઢ દેશના સદ્. દેવપ્રસાદદાસજી સ્વામી ગુરુ શાસ્ત્રી માધવપ્રસાદદાસજી ઉં.વ. ૬૮ તા. ૨૦/૨ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સદ્‌ગત સંતના આત્માને શ્રીહરિ નિજચરણસેવાનું સુખ અર્પે તથા મંડળના સંતો પંડિત સ્વામી ચંદ્રપ્રસાદદાસજી તથા બ્રહ્મચારી સરજુદાસાનંદજી આદિ..

રાજકોટ : પ.ભ. શ્રી પ્રભુદાસભાઈ લીલાધરભાઈ કાનાબાર ઉ.વ.૮૬ તા. ૨૬/૧ ના રોજ અક્ષરવાસી થયા છે. તેઓશ્રી નિયમિત ગુરુકુલ દર્શને આવતા અને કીર્તન ગાન કરતા. સુપુત્રો જયેશભાઈ તથા જિજ્ઞેશભાઈ તેમજ ભત્રીજા શ્રી પ્રવીણભાઈ તથા સુરેશભાઈ આદિ સર્વે કાનાબાર પરિવારજનો

ખોરાણા : પ.ભ. અમૃતભાઈ નાથાભાઈ વેકરિયા ઉ.વ.૭૧ તા. ૧૦/૨ના રોજ અક્ષરવાસી થયા છે. આ વેકરિયા પરિવાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને સંતોના કૃપાપાત્ર રહ્યો છે. નાથાબાપા પણ સહુના લાડીલા હતા. સદ્‌ગત આત્મા સંતો સાથે આત્મીયતા ધરાવતા. તેમના એક મોટા બંધુ (પૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, છારોડી) તથા એક લઘુ બંધુ (શાસ્ત્રી નિર્મળદાસજી સ્વામી, વીરપુર) સત્સંગ સેવા બજાવી રહ્યા છે. બંધુ શ્રી વલ્લભભાઈ તથા સુપુત્ર મનીષભાઈ આદિ સર્વે વેકરિયા..

રાજકોટ : મૂળ મોટાપીઠડિયા (જિ.અમરેલી) ના ભૂ.વિ. ગોવિંદભાઈ માધાભાઈ શીંગાળા ઉં.વ. ૭૨, તા. ૨/૨/૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. તેઓશ્રી પૂજ્ય જ્ઞાનસ્વરુપદાસજી સ્વામી સાથે ગુરુકુલમાં અભ્યાસ કરતા. નિયમિત ગુરુકુલ પ્રાતઃ સત્સંગ કથાવાર્તા દર્શનો લાભ લેતા. સુપુત્ર ભૂ.વિ. જનકભાઈ(એકટીવ પ્રિપ્રેસ) તેમજ જમાઈ ભૂ.વિ. શ્રી ઘનશ્યામભાઈ માવજીભાઈ વસોયા (જતીન લેમિનેશન). આ પરિવારની સદ્‌વિદ્યા પ્રકાશનમાં નિયમિત સેવા રહી છે. આ સમગ્ર પરિવારજનોને...

નપાણિયા ખીજડિયા : પ. ભ. નાગજીભાઈ મનજીભાઈ અકબરી ઉં.વ. ૯૪ તા. ૨૫/૧/૨૫ ના રોજ પ્રભુસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. આ અકબરી પરિવારજનોને...

માવજીંજવા : સંતોના કૃપાપાત્ર પ.ભ. જયંતીભાઈ ગીગાભાઈ રામાણી ઉં.વ. ૫૭ તા. ૧૩/૨ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સુપુત્ર ભૂ.વિ. નરેન્દ્રભાઈ રામાણી સંતો સાથે કથાપારાયણમાં તબલાવાદન સેવા કરતા રહે છે.

ચોરવાડી : રાજકોટ ગુરુકુલ ઓફિસ તેમજ ઉતારા વિભાગમાં સેવા આપતા શ્રી ગોરધનભાઈ કોટડિયાના કાકા પ.ભ. ઘેલાભાઈ રાજાભાઈ કોટડિયા ઉ.વ. ૭૮ તા. ૨૦/૨/૨૫ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સુપુત્ર હસમુખભાઈ, પૌત્ર ઘનશ્યામ-ભાઈ અને વિશાલભાઈ આદિ સર્વે કોટડિયા પરિવારજનોને..

રાજકોટ : કોલડા ગામના એડવોકેટ ભૂ. વિ. કાંતિલાલ ભીખાલાલ સોરઠિયા તા. ૭/૨ ના રોજ અક્ષરવાસી થયા છે. સુપુત્રો આશિષભાઈ, દર્શનભાઈ તથા અંકિતભાઈ...

રાજકોટ : ભૂ.વિ. ગુરુકુલ વિદ્યાલયના નિવૃત શિક્ષક અને 'સંસ્કારદીપ'ના તંત્રી શ્રી લક્ષ્મણભાઈ એસ. આદ્રોજાના સુપુત્રી ચિ. મનીષાબેન નવીનભાઈ સંતોકી (ઉ.વ.૫૩) કેન્સરની બીમારીમાં તા. ૧૩/૨ના રોજ અક્ષરવાસી થયા છે. પ.ભ. શ્રી નવીનભાઈ ટપુભાઈ તથા સુપુત્રો જૈનિશભાઈ અને કહાનભાઈ આદિ સર્વે સંતોકી તેમજ સર્વે આદ્રોજા પરિવારજનોને...

તોરી (રામપુર) : ભૂ.વિ. નારણભાઈ રણછોડભાઈ હરખાણીના ધર્મપત્ની કાંતાબેન નારણભાઈ હરખાણી ઉ.વ. ૭૮ તા. ૬/૨ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સુપુત્રો કિશોરભાઈ, રાજેશભાઈ, જયેશભાઈ તથા નિલેષભાઈ આદિ...

રાજકોટ : સંસ્થાના સમર્પિત સેવક ભરતભાઈ વાગડિયાના માતુશ્રી પાર્વતીબેન નાનજીભાઈ વાગડિયા ઉ.વ.૯૧ તા. ૫/૨ ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સુપુત્રો બકુલભાઈ અને ભરતભાઈ આદિ સર્વે વાગડિયા પરિવારજનોને...

ઉપરોક્ત સર્વે અક્ષરવાસી આત્માઓને ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ નિજચરણ સેવાનું અખંડ સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અને સત્સંગનું બળ અર્પે એવી હાર્દિક પ્રાર્થના.

રાજકોટ ગુરુકુલમાં રસોઈ

ભૂ.વિ. પ.ભ. હરિલાલ પોપટભાઈ ભંડેરી-રાજકોટ, સુપુત્ર નીરવ તથા હેપીનના જન્મદિન તેમજ ગુરુદેવની પુણ્યતિથિ નિમિત્તે વર્ણીરાજ રેસ્ટોરન્ટવાળા ભૂ.વિ. પ.ભ. મેહૂલભાઈ શીંગાળા તથા ભૂ.વિ. જેનિશભાઈ પટોળિયા - રાજકોટ

જ્ઞાનબાગ(જૂનાગઢ) પાટોત્સવના યજમાનશ્રીઓ

પ.ભ. શ્રી જેરામભાઈ સવજીભાઈ કોટડીયા, હસ્તે પ.ભ. શ્રી અરવિંદભાઈ જેરામભાઈ કોટડિયા, ચિ. આદિત્યકુમાર તથા ભૂ.વિ. મીતકુમાર દિલીપભાઈ કોટડિયા - મુંબઈ તથા

પ.ભ.શ્રી નરેન્દ્રભાઈ આત્મારામભાઈ પટેલ-અમદાવાદ

સંસ્થાના આગામી આયોજન

શ્રીહરિ જયંતી અભિષેક : તા. ૮/૩/૨૫ શનિવાર, રાજકોટ - સુરત ગુરુકુલ ખાતે પદયાત્રા સાથે સ્વહસ્તે દૂધથી અભિષેક

ધૂળેટી રંગોત્સવ : તા. ૧૪/૩/૨૫ શુક્રવાર ફાગણ સુદ પૂનમ

૩૮મી પારિવારિક ઓનલાઈન સત્સંગ સભા : તા. ૨૫/૩/૨૫ ફાગણ-વદ એકાદશી, રાત્રે ૯ કલાકે, ગુરુકુલ યુટ્યુબ ચેનલ

બ્રહ્મમહોત્સવ - શ્રીહરિ પ્રાગટ્યોત્સવ : ચૈત્ર સુદ ૧ થી ૯ સુધી બ્રહ્મ મહોત્સવની ઉજવણી, તા. ૬/૪/૨૫ રવિવાર ચૈત્ર સુદ-૯, ગુરુકુલ શાખાઓમાં બપોરના ૧૨ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનનો તેમજ રાત્રે ૧૦:૧૦ કલાકે ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૪મો પ્રાગટયોત્સવ

વ્રત-ઉત્સવો : સં.૨૦૮૧ ફાગણ-ચૈત્ર : માર્ચ - ૨૦૨૫

તા.	વાર	તિથિ	વિગત
૦૮	શનિ	૦૯	શ્રીહરિ જયંતી ઉપવાસ
૧૦	સોમ	૧૧	આમલકી એકાદશી ઉપવાસ
૧૩	ગુરુ	૧૪	હુતાસણી, હોલિકા દહન
૧૪	શુક્ર	૧૫	પૂનમ,ધૂળેટી, શ્રી નરનારાયણ જયંતી
૨૫	મંગળ	૧૧	પાપમોચની એકાદશી
૨૯	શનિ	૩૦	અમાવાસ્યા
૦૬	રવિ	૦૯	શ્રીહરિ જયંતી, રામનવમી ઉપવાસ (એપ્રિલ-૨૦૨૫)

સુરત ગુરુકુલની શુભેચ્છા મુલાકાતે પધારેલા દેશના પૂર્વ રાષ્ટ્રપતિ માનનીય શ્રી રામનાથ કોવિંદજી

૧૭ ફેબ્રુઆરીના રોજ બપોરે૧૧-૧૦ કલાકે ભારતના ૧૪ મા ભૂતપૂર્વ મહામહિમ રાષ્ટ્રપતિ આદરણીય રામનાથ કોવિંદજીશ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સુરતની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. ગુરુકુલના વિદ્યાર્થીઓએ બેન્ડ તથા પુષ્પ પાંખડીઓથી રાષ્ટ્રપતિનું સ્વાગત કરેલ. પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ તલના હારથી અભિવાદન કરેલ.

ઉદ્યોગપતિ શ્રી રાકેશભાઈ દુધાતે સ્વાગત પ્રવચન તથા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપતિજીનું નૃત્ય દ્વારા સ્વાગત કરેલ. પૂજ્ય શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી તથા અખંડવૃત્તિદાસજી સ્વામીએ પ્રાસંગિક ઉદબોધન કરેલ .

આ પ્રસંગે મંગલ ઉદ્બોધન કરતા શ્રી કોવિંદજીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીને અભ્યાસ કરાવી ડોક્ટર, વકીલ, એન્જીનિયર બનાવવા એ સાચું શિક્ષણ નથી, પરંતુ 'ઈન્સાન'-માણસ બનાવવો, સંસ્કારવાન બનાવવો એમાં જ શિક્ષણની સાર્થકતા સમાયેલી છે. તેમણે ગુરુકુલમાં શિક્ષણ અને ધર્મનો સુભગ સમન્વય થયો છે એમ જણાવી શાંતિ પમાડે તેને સંત કહેવાય, સંતની સમીપ જતા શાંતિ અને પરમ ઉર્જાનો અનુભવ થાય એ ખરા અર્થમાં સંત છે. સાચા માર્ગે જીવન જીવતો વ્યવહારિક વ્યક્તિ પણ સંત છે એમ જણાવી સંતત્વ અને શિક્ષણમાં ધર્મ અને કર્મપરાયણતાનું મહત્વ સમજાવ્યું હતું. આ સાથે તેઓ જણાવેલ કે ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સેવાકાર્યો, ધર્મકાર્યોનો વ્યાપ જોવા મળ્યો છે, પરંતુ આવનારા સમયમાં અન્ય રાજ્યોમાં પણ આવા સત્કાર્યોની સુવાસ પ્રસરે, ગુરુકુલ પરંપરા જીવંત રહે, ગૌરવપૂર્ણ, ઓજસ્વી એવી ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર થાય અને અન્ય રાજ્યોના નાગરિકોને પણ સન્માર્ગે વળવાની પ્રેરણા મળે એવી અપેક્ષા વ્યકત કરી હતી. અંતમાં તેઓશ્રીએ રાજકોટ ગુરુકુલ સંસ્થાના સેવાકાર્યોને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.

રાષ્ટ્રપતિના હસ્તે ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવેલ. શ્રી લાલજીભાઈ પટેલ, ગોવિંદભાઈ ધોળકિયા, વગેરેએ પુષ્પગુચ્છ અર્પણ કરી કોવિંદજીનું સ્વાગત કરેલ . સહ પરિવાર ઉપસ્થિત રહેલા રાષ્ટ્રપતિજીના પરિવારનું મહિલા ભક્તોએ સ્વાગત પૂજન કરેલ. ધર્મનંદન ઘનશ્યામ મહારાજ પાસે સંતો સાથે હળવી પળોમાં રાષ્ટ્રપતિજીએ સ્વામિનારાયણ સંપ્રદાય તથા ગુરુકુલ અને તેના સંતોની જીવનરીતિની માહિતી મેળવેલ. મુલાકાતથી ખુશ થયેલ પૂર્વરાષ્ટ્રપતિજીને બપોરે ૧-૧૦ કલાકે સંતો હરિભક્તો અને વિદ્યાર્થીઓએ વિદાય આપેલ.

ગુરુકુલ ગૌરવ : ખેલ મહાકુંભ અંતર્ગત રાજકોટ ગુરુકુલ શાખા સંસ્થાઓના વિદ્યાર્થીઓની જુદી જુદી ટીમે ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા તથા રાજ્ય સ્તરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહ અને ખેલદીલી પૂર્વક ભાગ લઈને પ્રથમ-દ્વિતીય ક્રમે સફળ થઈ બહુ મોટી સંખ્યામાં ઈનામ-એવોર્ડ મેળવેલ છે.

૧

૨

૩

૪

૫

૬

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિ પ્રસંગે શ્રદ્ધાંજલિ રૂપે સુરત ગુરુકુલ શાખામાં ઉજવાએલ ત્રિદિનાત્મક 'સદ્‌વિદ્યા મહોત્સવ' પ્રસંગે... ૧. ભવ્ય નગરયાત્રા પ્રારંભ : મહોત્સવ લોગાને આકાશમાં વિહરતો મૂકતા પૂજ્ય ગુરુમહારાજ, પૂજ્ય મહંતસ્વામી, સંતો તથા મહાનુભાવો **૨. વિરાટ શિક્ષાપત્રી :** ગ્રંથના દ્વિશતાબ્દી વર્ષે ગુરુકુલ પ્રાંગણમાં ૨૧૨ શ્લોક સાથે શ્રીહરિસ્વરૂપ વિરાટ શિક્ષાપત્રીના પૂજન દર્શનનો પ્રારંભ **૩. ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન :** મહોત્સવની પ્રથમ સંધ્યાએ યોજાએલ સંમેલનમાં સંતો દ્વારા ખેસથી સન્માનિત સુરત સ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ **૪-૫. જૂનાગઢ જ્ઞાનબાગ :** ગુરુકુલમાં શ્રીઘનશ્યામ મહારાજના પાંચમા પાટોત્સવના અભિષેક પ્રસંગે સંતો દ્વારા ચંદન, પુષ્પોથી શોભતા શ્રીઘનશ્યામ મહારાજ તથા સંકીર્તન સાથે પ્રભુને રીઝવતા ઉપસ્થિત સંતો **૬. દુબઈ :** પૂજ્ય મહંતસ્વામી તથા સંતોના પાંચ દિવસના સત્સંગ વિચરણ પ્રસંગે ભક્તજનોને ત્યાં સત્સંગસભામાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા ભક્તજનો

RNI No. 11170/57 GUJGUJ/05053 Permitted to Post at Rajkot RMS on 2nd date of every month under RNP No. Rajkot-096/2024-26 Licensed to post without pre-payment NO. G-PMG-RJT/009/2025 Valid up to 31-12-2025

૧. સુરત : ગુરુકુલની શુભેચ્છા મુલાકાતે પધારેલા દેશના પૂર્વ રાષ્ટ્રપતિ માનનીય શ્રી રામનાથ કોવિંદજીને સંસ્થાવતી સ્મૃતિચિહ્ન અર્પણ કરી બહુમાન કરતા પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી **૨. આફ્રિકા :** મોમ્બાસા સત્સંગ વિચરણ પ્રસંગે પૂજ્ય ગુરુમહારાજ અને સંતોના દર્શને પધારેલ યુગાન્ડાના પ્રેસીડન્ટ Yoweri Museveni ના સુપુત્ર David Muhoozi તથા શ્રી ધીરુભાઈ બાબરિયા આદિ... **૩. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ :** સુરત ગુરુકુલ ખાતે છેલ્લા ૨૮ વર્ષથી ચાલતી સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂનને દેશની એક ગૌરવરૂપ સિદ્ધિના સર્વેક્ષણ મુજબ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા સંસ્થાને પ્રાપ્ત થયેલ એવોર્ડથી પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામીને સન્માનિત કરતા શ્રી લાલજીભાઈ પટેલ તથા શ્રી રાકેશભાઈ દૂધાત

ધો.૧૨ પછી અમદાવાદ - ગાંધીનગરમાં
કોલેજ કરતા વિદ્યાર્થીઓ માટે સુવર્ણ તક...

લાભકારક
- UG, PG કોલેજ
- ઇન્ટર્નશીપ
- સ્પર્ધાત્મક પરીક્ષા
- જોબ-બિઝનેસ

સુવિધા
- અદ્યતન સુવિધાયુક્ત છાત્રાલય
- શુદ્ધ સાત્વિક પ્રભુપ્રસાદયુક્ત ભોજન
- લાઈબ્રેરી, ઈ-લાઈબ્રેરી
- પવિત્ર સંતોનું સાનિધ્ય, માર્ગદર્શન
- ૧૦ એકર વિશાળ નૈસર્ગિક પરિસરમાં વિવિધ રમતના મેદાનો

Scan for Location

છાત્રાલય શુભારંભ 1st March 2025
સંપર્ક : 75 75 80 44 45

૪. શાંતિગ્રામ (અમદાવાદ) : અત્રે ગુરુકુલમાં સંતશિબિર દરમિયાન સંત પૂજનોત્સવ પ્રસંગે કોલેજ છાત્રાલય એડમિશનનો પ્રારંભ કરાવતા પૂજ્ય મહંતસ્વામી

નોંધ : નવા જૂના ગ્રાહકોને જણાવવાનું જે ગ્રાહક નં. સાથે આવતી * * * નિશાની આપનું લવાજમ પૂરું થયાનું સૂચવે છે.

સદ્‌વિદ્યા
SADVIDYA(MONTHLY)

Editor, Publisher, Printer :
Sadhu Rasikvallabhdas Swami
Owner : **Shree Swaminarayan Gurukul**
Place of Publication : **Swaminarayan Gurukul, Dhebar Road, Rajkot-360002, Gujarat**

Printed At : U-Line Multi Print, Plot No. 14, Maruti Ind. Area, Charbhuja Marble Street, B/H Ashok Generator, Gondal Road, Rajkot-360004 Gujarat

નોંધ : નિયમિત ગ્રાહકોએ પોસ્ટઓફિસે તપાસ કરીને પછી જ ફોન કરવો. **વોટ્સએપ સંપર્ક** મો. નં. ૯૯૨૫૫ ૦૦૨૫૩, ૯૯૭૯૮ ૫૯૮૭૧